


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 190
Dt.: 23-03-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa


### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રચ્યો ઈતિહાસ

## મોદી ભારતના સૌથી લાંબા સમય સુધી સરકાર ચલાવનાર નેતા બન્યા

### ૨૦૧૪મા બન્યા દેશના પ્રધાનમંત્રી, જીતી સતત ત્રણ લોકસભા ચૂંટણીઃ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૧૩ વર્ષ રહ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના નામે એક નવો રેકોર્ડ કરી લીધો છે. તેઓ ભારતમાં સૌથી લાંબા સમય સુધી કામ કરનાર ચૂંટાયેલી સરકારના પ્રમુખ બની ગયા છે. તેમણે મુખ્યમંત્રી (ગુજરાત) અને પ્રધાનમંત્રી બંને પદો પર મળી કુલ ૮૯૩૧ દિવસ પૂરા કરી લીધા છે. તેમણે સિક્કિમના પૂર્વ મુખ્યમંત્રી પવન કુમાર ચામલિંગને પાછળ છોડી દીધા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૧મા ગુજરાતના મુખ્યમંત્રીના રૂપમાં કામકાજ શરૂ કર્યું હતું. ત્યારબાદ ૨૦૧૪થી તેઓ દેશના પ્રધાનમંત્રી છે. આ દરમિયાન તેમણે ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪મા સતત ત્રણ ચૂંટણી જીતી સરકાર બનાવી છે. મોદી હવે ભારતમાં સૌથી લાંબા સમય સુધી સતત સત્તામાં રહેનાર ચૂંટાયેલા નેતા બની ગયા છે. નરેન્દ્ર મોદીએ ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યો હતો. તેઓ આ પદ પર ૨૧ મે ૨૦૧૪ સુધી રહ્યા, એટલે કે ૧૩ વર્ષથી વધુ સમય સુધી મુખ્યમંત્રી રહ્યા હતા. ત્યારબાદ તેમણે ૨૬ મે ૨૦૧૪ના પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા. ત્યારથી તેમણે ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪મા સતત ત્રણ લોકસભા ચૂંટણીના માધ્યમથી રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધન (દ્રહ્ઠછ) સરકારનું નેતૃત્વ કર્યું છે. મોદી ગુજરાતમાં સૌથી વધુ લાંબો સમય સુધી સેવા કરનાર મુખ્યમંત્રી છે અને તેવા પ્રધાનમંત્રી છે જેમની પાસે કોઈ રાજ્યના મુખ્યમંત્રીના રૂપમાં સૌથી વધુ પૂર્વ અનુભવ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ રેકોર્ડ પર તેમને શુભેચ્છા મળી રહી છે. ગૃહમંત્રી અમિત



શાહે તેમને શુભેચ્છા આપતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું કે સેવા, મહેનત અને સમર્પણની મિસાલ રજૂ કરતા નરેન્દ્ર મોદી ભારતમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર સરકારના પ્રમુખ બની ગયા છે.

તેમણે કુલ ૮૯૩૧ દિવસ પુરા કરી પવન કુમાર ચામલિંગના રેકોર્ડને તોડ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રીથી લઈને પ્રધાનમંત્રી સુધીની તેમની આ સફર દેશહિત, પારદર્શિતા અને સતત જનસેવા પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે, જેને એક દુર્લભ અને ભરોસો પર ટકેલા વારસાના રૂપમાં જોવામાં આવી રહી છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે પણ પીએમ મોદીને શુભેચ્છા આપતા લખ્યુ કે પીએમ નરેન્દ્ર મોદીએ ઘણા વર્ષોની મહેનત અને સેવાએ દેશમાં સતત ફેરફાર લાવ્યા છે. ગરીબો માયે જોનાઓ, વિકાસના નવા કામ અને દુનિયામાં ભારતની ઓળખને મજબૂત કરવા જેવા પગલાથી તેમણે દેશને આગળ વધારવાનો પ્રયાસ કર્યો છે. કહેવામાં આવે છે કે તેમણે ૨૪ વર્ષથી વધુ સમય સુધી રજા વગર સતત કામ કર્યું, જે તેમની મહેનત અને સમર્પણને દર્શાવે છે. આગળ કહ્યું કે આ કારણે લોકોનો તેમના પર ભરોસો અને સમર્થન સતત વધતું ગયું છે, જેના કારણે તેઓ ત્રણ વાર ગુજરાતના મુખ્યમંત્રી અને ત્રણવાર દેશના પ્રધાનમંત્રી બન્યા. તેમની સતત મહેનત અને લોકોના વિશ્વાસનું આ પરિણામ છે.

### ૨૪ વર્ષ અને એક પણ રજા નહીં!

## અમિત શાહે પીએમ મોદીના રેકોર્ડબ્રેક કાર્યકાળની કરી પ્રશંસા

### અમિત શાહે મોદીની ખુલ્લા દિલે પ્રશંસા કરી છે અને તેમના કાર્યકાળને ભારતના વિકાસ માટે સુવર્ણકાળ ગણાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના રાજકારણમાં એક નવો અને ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે. તેઓ દેશમાં સૌથી લાંબા સમય સુધી (મુખ્યમંત્રી અને વડાપ્રધાન તરીકે) સેવા આપનારા નેતા બની ગયા છે. સૌથી ખાસ અને નોંધનીય વાત એ છે કે, પોતાના ૨૪ વર્ષના આ લાંબા રાજકીય કાર્યકાળમાં તેમણે એક પણ દિવસની રજા લીધી નથી. પીએમ મોદીએ આ મામલે સિક્કિમના પૂર્વ મુખ્યમંત્રી પવન કુમાર ચામલિંગને પણ પાછળ છોડી દીધા છે. આ ઐતિહાસિક સિદ્ધિ બદલ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પર પીએમ મોદીની ખુલ્લા દિલે પ્રશંસા કરી છે અને તેમના કાર્યકાળને ભારતના વિકાસ માટે સુવર્ણકાળ ગણાવ્યો છે.

પીએમ મોદીએ પોતાના પદ પર સતત ૮૯૩૧ દિવસનો કાર્યકાળ પૂરો કરીને આ નવો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. અગાઉ આ રેકોર્ડ સિક્કિમના પૂર્વ સીએમ પવન કુમાર ચામલિંગના નામે હતો, જેમણે ૮૯૩૦ દિવસ સુધી સેવા આપી હતી. ગુજરાતના મુખ્યમંત્રીથી લઈને દેશના વડાપ્રધાન સુધીની સફરમાં પીએમ મોદીની આ સિદ્ધિ તેમના દાયકાઓ લાંબા નેતૃત્વ અને અવિરત જનસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. તમને જણાવી દઈએ કે, પીએમ મોદી આઝાદી પછી જન્મેલા દેશના પહેલા વડાપ્રધાન છે. તેમના જ નેતૃત્વમાં પાર્ટીએ ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪ એમ સતત ત્રણ લોકસભા ચૂંટણીમાં શાનદાર જીત મેળવી છે. આ ખાસ અવસર પર ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટ શેર કરતા લખ્યું કે, મોદીજીના દાયકાઓ લાંબા સેવાકાળે પોતાનામાં જ એક નવા યુગનું નિર્માણ કર્યું છે. ગરીબોને તેમના અધિકારો અપાવવા હોય કે પછી વિકાસના નવા શિખરો સર કરવા હોય, મોદી યુગે ભારતની શકલ-સુરત અને પરિમાણ સંપૂર્ણપણે બદલી નાખ્યા છે. તેમણે વૈશ્વિક મંચ પર પણ દેશની પ્રતિષ્ઠા અને ગૌરવ વધાર્યા છે. અમિત શાહે વધુમાં ઉમેર્યું કે, આ નવા ભારત નું નિર્માણ કરવા માટે આખી જિંદગીના અથાગ પ્રયત્નોની જરૂર હતી, અને પીએમ મોદીએ તે કરી બતાવ્યું છે. છેલ્લા ૨૪ વર્ષથી વધુ સમયથી એક પણ રજા લીધા વિના દેશ અને દેશવાસીઓની અવિરત સેવા કરવી, એ તેમના અતૂટ સમર્પણનો સૌથી મોટો પુરાવો છે. આ જ કારણ છે કે તેમને જનતાનો આટલો અભૂતપૂર્વ પ્રેમ મળ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ત્રણ વખત અને દેશના વડાપ્રધાન તરીકે ત્રણ વખત ચૂંટાવું એ દર્શાવે છે કે લોકોનો તેમના પરનો વિશ્વાસ, સ્નેહ અને સમર્થન દિવસેને દિવસે વધતું જ ગયું છે. તેઓ ભારતના સાચા અર્થમાં પ્રધાનમંત્રી છે. રાજકીય મેદાનની સાથે સાથે સોશિયલ મીડિયા પર પણ પીએમ મોદીનો જબરદસ્ત દબદબો છે. તેઓ દુનિયામાં સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતા નેતા છે. આ વર્ષે માર્ચ મહિનામાં જ યુટ્યુબ (YouTube) પર તેમના સબસ્ક્રાઈબર્સનો આંકડો ૩ કરોડને પાર કરી ગયો હતો, જ્યારે ઈન્સ્ટાગ્રામ (Instagram) પર તેમના ૧૦ કરોડથી પણ વધુ ફોલોઅર્સ છે.

### ગ્લોબલ ટેરરિઝમ ઈન્ડેક્સ ૨૦૨૬

## પાકિસ્તાનમાં ૨૦૨૫માં કુલ ૧૦૪૫ આતંકી ઘટના બની

### આતંકવાદ મામલે પાકિસ્તાન દુનિયામાં પ્રથમ નંબરે પહોંચ્યું, વર્ષ ૨૦૧૩ પછી સૌથી વધુ મોત નોંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગ્લોબલ ટેરરિઝમ ઈન્ડેક્સ ૨૦૨૬ના તાજેતરના અહેવાલમાં પાકિસ્તાની પોલ ખુલી ગઈ છે. ઈન્ડેક્સમાં પાકિસ્તાન પ્રથમ વખત આ યાદીમાં ટોચના સ્થાને પહોંચીને વિશ્વનું સૌથી મોટું આતંકિસ્તાન સાબિત થયું છે. ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈકોનોમિક્સ એન્ડ પીસ દ્વારા જાહેર કરાયેલા આ રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૨૫માં પાકિસ્તાનમાં આતંકવાદ સંબંધિત મૃત્યુમાં ૬ ટકાનો વધારો નોંધાયો છે જે ત્યાંની સુરક્ષા સ્થિતિ કેટલી હદે કથળી છે તેનો પુરાવો આપે છે.

દેશમાં ૨૦૨૫માં કુલ ૧,૦૪૫ આતંકી ઘટનાઓ બની હતી જેમાં ૧,૧૩૯ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે અને આ આંકડો વર્ષ ૨૦૧૩ પછીના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યો છે. પાકિસ્તાન માટે સૌથી મોટો ખતરો પ્રતિબંધિત સંગઠન તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન એટલે કે TTP અને બલૂચિસ્તાન લિબરેશન આર્મી તરફથી મળી રહ્યો છે. અફઘાનિસ્તાન સાથેના તણાવપૂર્ણ સંબંધો અને સરહદી વિસ્તારોમાં વધતી હિંસાએ પાકિસ્તાન માટે ગંભીર સુરક્ષા સંકટ ઊભું કર્યું છે.

TTP હાલમાં પાકિસ્તાનનું સૌથી ઘાતક અને વૈશ્વિક સ્તરે ત્રીજું સૌથી ખતરનાક આતંકી સંગઠન બની ગયું છે જે પાકિસ્તાનમાં થતા કુલ આતંકી હુમલાઓમાં ૬૭ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૨૫માં આ સંગઠનના હુમલાઓમાં ૨૪ ટકાનો વધારો થયો હતો જે મુખ્યત્વે અફઘાન સરહદને અડેલા ખૈબર પખ્તુનખ્વા વિસ્તારમાં કેન્દ્રિત રહ્યા હતા. કાબુલમાં અફઘાન તાલિબાનની વાપસી બાદ આ સંગઠનને પોતાની પ્રવૃત્તિઓ વિસ્તારવામાં વધુ મદદ મળી છે જેના કારણે હિંસક ઉગ્રવાદમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે.

આ આંકડાઓ માત્ર મૃત્યુ સુધી મર્યાદિત નથી પરંતુ બંધક બનાવવાની ઘટનાઓમાં પણ મોટો ઉછાળો આવ્યો છે.

વર્ષ ૨૦૨૪માં ૧૦૧ લોકોની સરખામણીએ ૨૦૨૫માં ૬૫૫ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા જેમાં જાફર એક્સપ્રેસ પર થયેલા ભીષણ હુમલાનો પણ સમાવેશ થાય છે.

પાકિસ્તાનની આંતરિક સુરક્ષા ખાસ કરીને ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાનમાં સૌથી વધુ ખરાબ છે જ્યાં દેશના કુલ હુમલાના ૭૪ ટકા અને કુલ મૃત્યુના ૬૭ ટકા કિસ્સાઓ નોંધાયા છે. હવે પાકિસ્તાન વિશ્વના એવા પાંચ દેશોમાં સામેલ થઈ ગયું છે જ્યાં દુનિયાના લગભગ ૭૦ ટકા આતંકી મૃત્યુ નોંધાય છે.

## કતારમાં દરિયામાં હેલિકોપ્ટર તૂટી પડતા ૬ લોકોના મોત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)કતાર

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે કતારથી એક દુખદ સમાચાર સામે આવ્યા છે. રવિવારે વહેલી સવારે કતારના દરિયાઈ વિસ્તારમાં એક હેલિકોપ્ટર અકસ્માતનો ભોગ બન્યું હતું. જેમાં ૬ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે. કતારના આંતરિક મંત્રાલયે આ દુર્ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, અકસ્માત બાદ એક વ્યક્તિ હજુ પણ ગુમ છે, જેની શોધખોળ માટે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

દુર્ઘટનાની જાણ થતાની સાથે જ કોસ્ટગાર્ડ અને રેસ્ક્યુ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જોકે, સમુદ્રની પ્રતિકૂળ સ્થિતિ અને ખરાબ હવામાનને કારણે બચાવ કામગીરીમાં અવરોધ આવી રહ્યો છે. ગુમ વ્યક્તિને શોધવા માટે આધુનિક સર્વેલન્સ સાધનો અને પ્રશિક્ષિત જવાનોની મદદ લેવામાં આવી રહી છે. કતારના સંરક્ષણ મંત્રાલયે પણ આ અકસ્માત અંગે પ્રાથમિક જાણકારી આપી હતી. કતાર સરકાર દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, આ દુર્ઘટના બાદ રાહત અને બચાવ કાર્ય માટે અનેક યુનિટ્સ તૈનાત કરવામાં આવ્યા છે. ગુમ વ્યક્તિને શોધવા અને અકસ્માતના કારણોની તપાસ કરવા માટે રેસ્ક્યુ જહાજો સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે. સરકાર હવામાન અને સમુદ્રી મોજાની સ્થિતિ પર પણ સતત નજર રાખી રહી છે જેથી બચાવ કામગીરી સુરક્ષિત રીતે આગળ વધારી શકાય.

### લેબનોનમાં ઈઝરાયલનો ટાર્ગેટેડ હુમલો

## હિઝબુલ્લાહના રાદવાન ફોર્સના કમાન્ડરને મોતને ઘાટ ઉતારાયો

### અબુ ખલીલ બરજી હિઝબુલ્લાહના સૌથી શક્તિશાળી યુનિટ રાદવાન ફોર્સ ના સ્પેશિયલ ફોર્સિસનો કમાન્ડર હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)લેબનોન

ઈરાન યુદ્ધ વચ્ચે ઈઝરાયલે લેબનોનમાં પણ મોટી સૈન્ય કાર્યવાહી કરી છે. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ(IDF)એ રવિવારે સત્તાવાર જાહેરાત કરી છે કે શનિવારે દક્ષિણ લેબનોનના મજદલ સેલમ વિસ્તારમાં કરવામાં આવેલા ટાર્ગેટેડ હુમલામાં હિઝબુલ્લાહના કુખ્યાત રાદવાન ફોર્સના સ્પેશિયલ ફોર્સ કમાન્ડર અબુ ખલીલ બરજીને ઠાર કરવામાં આવ્યો છે.

તે હિઝબુલ્લાહના સૌથી શક્તિશાળી યુનિટ રાદવાન ફોર્સ ના સ્પેશિયલ ફોર્સિસનો કમાન્ડર હતો. તે ઘણા વર્ષોથી આ સંગઠનમાં સક્રિય હતો. IDFના જણાવ્યા અનુસાર, બરજીના નેતૃત્વ હેઠળનું યુનિટ મુખ્યત્વે ઈઝરાયલી સૈનિકો પર હુમલા કરવા માટે જવાબદાર હતું.

IDFના જણાવ્યા મુજબ દક્ષિણ લેબનોનના મજદલ સેલ્મ વિસ્તારમાં થયેલા હુમલામાં બરજીની સાથે અન્ય બે આતંકીઓ પણ માર્યા ગયા છે. રવિવારે વહેલી સવારે લેબનોનમાં હિઝબુલ્લાહના અનેક ઠેકાણાઓ પર સૈન્ય કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં ૧૦થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હોવાની પુષ્ટિ થઈ છે. જેમાં સ્પેશિયલ ફોર્સ કમાન્ડર અબુ ખલીલ બરજી પણ સામેલ છે.

સૈન્ય કાર્યવાહી દરમિયાન આતંકીઓના અડ્ડાઓ પરથી રોકેટ સહિત મોટા પ્રમાણમાં હથિયારો મળી આવ્યા છે. ઈઝરાયલી સેનાના મતે આ હથિયારોનો ઉપયોગ ઈઝરાયલ અને IDFના સૈનિકો પર હુમલો કરવા માટે થવાનો હતો. મહત્વનું છે કે આ એક્શન બાદ પણ રવિવારે બપોરે IDFએ ફરી એકવાર દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવીને નવા હવાઈ હુમલા શરૂ કર્યા છે.

શનિવારે દક્ષિણ લેબનોનમાં ગ્રાઉન્ડ ઓપરેશન દરમિયાન ગિવાતી બ્રિગેડના જવાનો અને હિઝબુલ્લાહના આતંકીઓ વચ્ચે સીધી અથડામણ થઈ હતી. ઈઝરાયલી સૈનિકોએ ગોળીબારમાં એક આતંકીને ઠાર કર્યો હતો, જ્યારે અન્ય આતંકીઓને એર સ્ટ્રાઈક દ્વારા હુમલો કરી ખતમ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ટેક્ની મદદ પણ લેવાઈ હતી જેની ફાયરિંગમાં પણ ત્રણ આતંકીઓ માર્યા ગયા હતા. આ સાથે ઈઝરાયલે એ પણ દાવો કર્યો છે કે આ અથડામણમાં ઈઝરાયલના પક્ષે કોઈ જાનહાનિ થઈ નથી.




### India LPG Crisis: યુદ્ધ વચ્ચે રાહત

## હજારો ટન LPG લઈને પિક્સિસ પાયોનિયર જહાજ પહોંચ્યું ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધને કારણે, એશિયન દેશો ગેસ અને તેલની તીવ્ર અછતનો સામનો કરી રહ્યા છે. ભારત પણ LPG સંકટનો સામનો કરી રહ્યું છે. જોકે, કેટલાક આશ્વાસન આપનારા સમાચાર સામે આવ્યા છે: Pyxis Pioneer નામનું એક જહાજ રવિવારે (૨૨ માર્ચ) LPG ગેસ લઈને ભારતમાં પહોંચ્યું.

અહેવાલ મુજબ, LPGનો મોટો જથ્થો આવતા અઠવાડિયે ન્યૂ મેંગલુરુ બંદર પર આવવાની ધારણા છે. અહેવાલો અનુસાર, કુલ આશરે ૭૨,૭૦૦ ટન LPGનો જથ્થો આવવાની ધારણા છે, અને શિપમેન્ટ શરૂ થઈ ગયું છે. પહેલું ટેક્કર રવિવારે પહોંચ્યું, જેમાં ૧૬,૭૧૪ ટન એલપીજી હતું. આ ટેક્કર, પિક્સિસ પાયોનિયર છે. જેમાં સિંગાપોરનું ઝંડો લાગેલો છે. કૂલ વેઈટ ૪૭,૨૩૬ ટનનું ધરાવે છે. આ જહાજ ૧૪ ફેબ્રુઆરીએ નેધરલેન્ડ બંદરથી રવાના થયું હતું અને એજિસ લોજિસ્ટિક્સ લિમિટેડ માટે એલપીજી અનલોડ કરશે. ત્યારબાદ તે સોમવારે સવારે રવાના થશે.

આ પછી, ૨૫ માર્ચે એપોલો ઓશન નામનું ટેક્કર પણ બંદર પર પહોંચશે. તે ૨૬,૬૮૭ ટન LPG વહન કરશે. આ ગેસ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ માટે ઉતારવામાં આવશે. આ જહાજ વિયેતનામી ધ્વજ લહેરાવે છે અને ગુજરાતના વાડીનાર બંદરથી પહોંચશે. શિવાલિક નામનું બીજું ટેક્કર મૂળ ૧૮ માર્ચે ૨૬,૦૦૦ ટન LPG સાથે મેંગલુરુ પહોંચવાનું હતું, પરંતુ તેણે વાડીનાર બંદર પર એપોલો ઓશન જહાજને તેનો કાર્ગો સોંપ્યો.

વધુમાં, આશરે ૩૦,૦૦૦ ટન LPG વહન કરતું બીજું ટેક્કર ૨૯ માર્ચે યુનાઈટેડ સ્ટેટ્સથી અહીં પહોંચશે. આ ગેસ હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ માટે હશે. મેંગલુરુમાં HPCLનો LPG પ્લાન્ટ આ ગેસને સ્થાનિક બોટલિંગ પ્લાન્ટ અને બેંગલુરુ સહિત અન્ય સ્થળોએ પાઈપલાઈન દ્વારા સપ્લાય કરે છે. આમ, આગામી દિવસોમાં ન્યૂ મેંગલુરુ બંદર પર LPGના મોટા જથ્થાના આગમન સાથે ગેસ પુરવઠો મજબૂત થવાની અપેક્ષા છે.

## અમેરિકા બાદ હવે રશિયાથી કાર્ગો શિપ ભારત પહોંચ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં એલપીજી સંકટ વચ્ચે મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. અમેરિકાના ટેક્સાસથી એલપીજી ટેક્કર લઈને નિકળેલું પાયક્સિસ પાયોનિયર (Pyxis Pioneer) ટેક્કર મેંગલુરુ પોર્ટ પર પહોંચ્યા બાદ હવે રશિયન એક્વા ટાઈટન (Aqua Titan) જહાજ ક્રૂડ ઓઈલના ટેક્કરો પણ ન્યૂ મેંગલુરુ પોર્ટ પર પહોંચી ગયા છે.

આગામી સપ્તાહે વધુ બે એલપીજી કાર્ગો શિપ ભારત આવવાના છે. આમાંથી એપોલો ઓસિયન નામનું ટેક્કરમાં લગભગ ૨૬૬૮૭ ટન ગેસ લઈને ૨૫ માર્ચે ભારત આવશે. આ ગેસથી ઈન્ડિયન ઓઈલ અને ભારત પેટ્રોલિયમ પોતાની જરૂરીયાત પુરી કરશે. આ ઉપરાંત વધુ એક ૩૦,૦૦૦ ટન ગેસ ભરેલું ટેક્કર ૨૯ માર્ચે ભારત આવશે.

## તંત્રી લેખ......

# ટ્રમ્પે નબળું સાબિત કર્યું, ઈરાન હજુ પણ બદલો લેવા સક્ષમ છે

ઈઝરાયલ સામે યુએસ-ઈઝરાયલ યુદ્ધ જે રીતે ચોથા અઠવાડિયામાં પ્રવેશ્યું છે તે સૂચવે છે કે યુએસ અને ઇઝરાયલે ઈરાનની લશ્કરી ક્ષમતાઓની ખોટી ગણતરી કરી હતી. આ ફક્ત ઈરાનની બદલો લેવાની ક્ષમતા દ્વારા જ નહીં, પરંતુ ઇઝરાયલી અને અમેરિકન લક્ષ્યોને નિશાન બનાવવાની ક્ષમતા દ્વારા પણ પુરાવા મળે છે જે અગાઉ કલ્પના પણ ન હતી.

એવું લાગે છે કે અમેરિકા અને ઈઝરાયલે ધાર્યું હતું કે ગયા વર્ષે જૂનમાં થયેલા હુમલાઓ જેટલો જ આ વખતે પણ ઈરાન સંવેદનશીલ રહેશે, જેમ કે તેમના દ્વારા દબાયેલા બે અઠવાડિયામાં જ. એ સ્પષ્ટ છે કે ઈરાન આ મૂલ્યાંકનમાં નિષ્ફળ ગયું. આનું કારણ એ હોઈ શકે છે કે ગયા વર્ષે અમેરિકા અને ઈઝરાયલી હુમલાઓનો સામનો કર્યા પછી, તેણે તેની લશ્કરી તૈયારીઓ પર નોંધપાત્ર ભાર મૂક્યો હતો અને વધુ વ્યાપક હડતાલ ક્ષમતા વિકસાવી હતી.એ પણ સ્પષ્ટ છે કે અમેરિકા અને ઈઝરાયલ એ અનુમાન કરવામાં નિષ્ફળ ગયા હતા કે ઈરાન ગલ્ફ દેશોમાં નાગરિક લક્ષ્યો અને ઉર્જા સ્ત્રોતોને નિશાન બનાવીને સંઘર્ષને વધારી શકે છે, જેનાથી તેલ અને ગેસ સંકટ સર્જાઈ શકે છે.

ઈરાન યુદ્ધને કેટલી હદે લંબાવવામાં અને વિસ્તૃત કરવામાં સક્ષમ રહ્યું છે તે સૂચવે છે કે અમેરિકા અને ઇઝરાયલ ગેરસમજમાં હતા. આ ફક્ત ત્યારે જ થાય છે જ્યારે કોઈ વ્યક્તિ તેમની વ્યૂહરચના અને લશ્કરી ક્ષમતાઓ વિશે વધુ પડતો આત્મવિશ્વાસ અથવા ઘમંડી હોય. તેમાં કોઈ શંકા નથી કે ટ્રમ્પ એક ઘમંડી નેતા છે. કદાચ વેનેઝુએલામાં તેમના ઝડપી બળવા પછી તેમનો ઘમંડ વધ્યો હતો, જેના કારણે તેમણે ઇઝરાયલ સાથે ઈરાન પર હુમલો કર્યો હતો. હવે, તે કિંમત ચૂકવી રહ્યો હોય તેવું લાગે છે.

તેઓ પોતાને સૌથી શક્તિશાળી નેતા તરીકે રજૂ કરી શકે છે, પરંતુ ઈરાન પરના હુમલા પછી ઉર્જા સંકટ વધુ ઘેરું બન્યા પછી તેમણે જે રીતે રશિયાને તેલ ખરીદવાની મંજૂરી આપી તે તેમની નબળાઈ દર્શાવે છે. નાટો દેશો દ્વારા તેમની મદદ કરવામાં નિષ્ફળતા, અને હવે તેમનો દાવો કે અમેરિકા આ યુદ્ધમાં તેના લક્ષ્યો પ્રાપ્ત કરવાની નજીક છે અને ઈરાન સામે ચાલી રહેલા લશ્કરી કાર્યવાહી ઘટાડવાનું વિચારી રહ્યું છે, તે પણ તેમની નબળાઈ દર્શાવે છે.

તેઓ ખરેખર આ માને છે કે નહીં તે સ્પષ્ટ નથી, પરંતુ એ વાતને અવગણી શકાય નહીં કે ઈરાનમાં શાસન પરિવર્તનની કોઈ સંભાવના નથી. જો તેઓ ઈરાનમાં શાસન પરિવર્તનના તેમના લક્ષ્યને પ્રાપ્ત કર્યા વિના કોઈપણ બહાના પર પાછા હટશે, તો માત્ર દેશ અને વિશ્વમાં તેમનો પ્રભાવ ઓછો થશે નહીં, ઈરાન અમેરિકા તેમજ ઈઝરાયલ માટે પણ એક મોટો પડકાર બનશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહિમા વંત મહેસાણા અન્વયે જિલ્લાને રૂ. ૯૩૮ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી



મહેસાણા જિલ્લાના વિકાસના ઈતિહાસમાં એક નવું સોપાન ઉમેરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રપટેલે આજે વિસનગર ખાતે 'મહિમાવંત મહેસાણા' કાર્યક્રમ અંતર્ગત રૂ. ૯૩૮ કરોડથી વધુના વિવિધ જનહિતલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રીએ વિસનગર અને મહેસાણા જિલ્લા માટે રૂ. ૬૩૦ કરોડથી વધુના કામોનું ખાતમુહૂર્ત, રૂ. ૧૬૮ કરોડથી વધુના કામોનું ભૂમિપૂજન તેમજ રૂ. ૧૪૦ કરોડના ખર્ચે પૂર્ણ થયેલા વિવિધ વિકાસકામો જનતા માટે ખુલ્લા મૂક્યા હતા. આ પ્રકલ્પો મહેસાણા જિલ્લાના સર્વાંગી ઉત્કર્ષ માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે તેવી મક્કમતા મુખ્યમંત્રીએ વ્યક્ત કરી હતી.

● સગર્ભા માતાઓને આ કાર્યક્રમ દરમ્યાન પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● સૌ નાગરિકોએ મુખ્યમંત્રીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં સ્વદેશી અપનાવવાના શપથ લીધા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ગુજરાત આજે ફાઈનાન્શિયલ મેનેજમેન્ટમાં દેશમાં અગ્રેસર છે, જેના પરિણામે આજે ગુજરાતમાં નાણાંની કોઈ તંગી વર્તાતી નથી. મુખ્યમંત્રીએ ખાતરી આપી હતી કે મહેસાણા જિલ્લાના વિકાસ માટે સરકાર પાસે ભંડોળની કોઈ કમી નથી અને જિલ્લામાંથી આવતા દરેક વ્યાજબી કામને પ્રાધાન્ય આપી મંજૂર કરવામાં આવશે. રાજ્યના સર્વાંગી વિકાસનો ચિતાર રજૂ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દિવસમાં જ ગુજરાતમાં રૂ. ૨૫૦૦ કરોડથી વધુના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. મહેસાણા-પાલનપુર રેલવે લાઈનનું ડબલિંગ અને વર્ષોથી પડતર એવી તારંગા-અંબાજી રેલવે લાઈનને મળેલી મંજૂરી આ વિસ્તારની આર્થિક ગતિવિધિઓને વેગ આપશે.

આ ઉપરાંત, વડાપ્રધાનના જન્મસ્થળ વડનગરને વર્લ્ડ ક્લાસ હેરિટેજ ટાઉન તરીકે વિકસાવવાની કટિબદ્ધતા દોહરાવતા મુખ્યમંત્રીશ્રીએ પ્રેરણા સ્કૂલ, આર્કિયોલોજીકલ મ્યુઝિયમ અને રેલવે સ્ટેશનના નવીનીકરણનો ઉલ્લેખ કર્યો હતો.

શ્રી ભુપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું કે મહેસાણા માં ઉત્તર ગુજરાત રીજીયનની રિજનલ વાઈબ્રન્ટ સમિટમાં થયેલા રૂ. ૩.૨૪ લાખ કરોડના એમઓયુ જિલ્લાના ઔદ્યોગિક ભવિષ્યની ઝાંખી કરાવે છે અને હવે આ જિલ્લો ફૂડ પ્રોસેસિંગ હબ તરીકે પણ ઉભરી રહ્યો છે.

આ પ્રસંગે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીએ શરૂ કરેલી વિકાસની મશાલને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેજ ગતિએ આગળ ધપાવી રહ્યા છે. તેમણે સરકારની ખેડૂતલક્ષી નીતિઓની વિગતો આપતા કહ્યું કે રાજ્ય સરકારે ખેડૂતો માટે રૂ. ૧૧,૦૦૦ કરોડનું માતબર પેકેજ જાહેર કર્યું છે, જે અંતર્ગત મહેસાણાના ખેડૂતોને પાક નુકસાની પેટે રૂ. ૨૫૦ કરોડથી વધુની રકમ સીધી તેમના ખાતામાં જમા કરવામાં આવી છે. જિલ્લામાં આરોગ્ય માળખું મજબૂત કરતા વિજાપુર અને ખેરાલુને સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની ભેટ મળી છે, તેમજ શિક્ષણ ક્ષેત્રે એમ.એન. સાયન્સ કોલેજની સાથે નવીન કોલેજો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વિશેષ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે છેવાડાના માનવીના 'ઈઝ ઓફ લિવિંગ'માં સુધારો કરવા માટે સરકાર કટિબદ્ધ છે. શહેરોને વાયર-ફ્રી બનાવવા માટે ઊંઝા સહિતની નગરપાલિકાઓમાં ભૂગર્ભ વીજ લાઈન નાખવાની કામગીરી પૂર્ણતાના આરે છે. મોઢેરાના સૂર્યમંદિર અને વડનગરના ઐતિહાસિક ગૌરવ સાથે આધુનિક સુવિધાઓનો સમન્વય સાધીને ગુજરાત ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણમાં પાયાની ભૂમિકા ભજવશે. કાર્યક્રમની શરૂઆતમાં મહેસાણા કલેક્ટર શ્રી એસ. કે. પ્રજાપતિએ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું અને જિલ્લા વિકાસ અધિકારી ડો. હસરત જૈસમીને આભારવિધિ કરી હતી. આ ગરિમામય કાર્યક્રમમાં જિલ્લા પ્રભારી મંત્રી શ્રી પ્રવિણભાઈ માળી, રાજ્યસભા સાંસદ શ્રી મયંક નાયક, સાંસદ શ્રી હરિભાઈ પટેલ, શ્રી ભરતસિંહ ડાભી, તેમજ ધારાસભ્યો સવશ્રી મુકેશ પટેલ, સી.જે. ચાવડા, કિરીટભાઈ પટેલ, સુખાજી ઠાકોર, સરદારભાઈ ચૌધરી અને રાજેન્દ્રભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી, અગ્રણીઓ શ્રી ગીરીશભાઈ રાજગોર, શ્રી વિનોદભાઈ પટેલ તેમજ યુજીવીસીએલના એમડી શ્રી એમ.એફ. ચૌધરી સહિત મોટી સંખ્યામાં નાગરિકો અને અધિકારીઓ સહભાગી થયા હતા.

# ઈરાન-ઈઝરાયલ યુદ્ધથી ગુજરાતની ૫૦૦ કરોડની કેરી પર નુકસાનની ભીતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ઈરાન-ઈઝરાયેલ યુદ્ધની જ્વાળાઓ હવે ભારત અને ખાસ કરીને ગુજરાતના એક્સપોર્ટર્સને દઝાડી રહી છે.

ગલ્ફ દેશોના પોર્ટ પર સર્જાયેલી અંધાધૂંધીને કારણે ભારતના અર્થતંત્રને મોટો ફટકો પડવાની ભીતિ સેવાઈ રહી છે.

ઓમાન અને UAE ના પોર્ટ પર હાલમાં અંદાજે ૨૯,૦૦૦ કન્ટેનર અટવાયેલા છે, જેમાં ૫,૫૦૦ થી વધુ કન્ટેનર માત્ર ભારતના છે. આ કન્ટેનરને પરત લાવવા માટે એક્સપોર્ટર્સ પર ?૨૭૫ કરોડનો વધારાનો ખર્ચ આવી રહ્યો છે. કોંગ્રેસ પ્રવક્તા પાર્થિવરાજ કઠવાડિયાએ માંગ કરી છે કે સરકાર આ રિટર્ન ચાર્જ માફ કરે અને વેપારીઓ માટે વિશેષ પેકેજ જાહેર કરે.

ગુજરાતની કેરી અને કાપડ ઉદ્યોગ મુશ્કેલીમાં

આ સંકટની સૌથી વધુ અસર ગુજરાતના કૃષિ અને ગારમેન્ટ ક્ષેત્ર પર પડી છે:

પેરીશેબલ ગુડ્સ: ગલ્ફમાં ફસાયેલા ૮૦૦ કન્ટેનરમાં ખેતીની જણસો છે, જે બગડવાની અણી પર છે.

કેરીનો વેપાર: ગલ્ફમાં એક્સપોર્ટ થતી ગુજરાતની ?૫૦૦ કરોડની કેરી બગડી જવાની આશંકા છે.

ગારમેન્ટ બિઝનેસ: ઈદના તહેવાર સમયે જ કાપડના કન્ટેનર અટવાતા અંદાજે ?૧૫૦૦ કરોડના બિઝનેસ પર સીધી અસર પડી છે.

જો કેન્દ્ર સરકાર દ્વારા તાત્કાલિક દખલગીરી કરીને એક્સપોર્ટર્સ માટે આર્થિક પેકેજ જાહેર કરવામાં નહીં આવે, તો ગુજરાતના અનેક નાના-મોટા વેપારીઓ પાયમાલ થઈ શકે છે.

### ઓહાયોના ડેમોક્રેટ સાંસદ લેન્ડ્સમેને પ્રસ્તાવ રજૂ કર્યો

# બંગાળી હિન્દુઓ પરના અત્યાચારોને નરસંહાર જાહેર કરો, અમેરિકામાં માંગ

### પ્રસ્તાવ વિદેશી બાબતોની સમિતિને મોકલી દેવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકન સાંસદ ગ્રેગ લેન્ડ્સમેને પ્રતિનિધિ સભામાં એક પ્રસ્તાવ રજૂ કર્યો છે, જેમાં માંગ કરવામાં આવી છે કે પાકિસ્તાની સેના અને તેના સહયોગી સંગઠન જમાત-એ-ઈસ્લામી દ્વારા ૨૫ માર્ચ ૧૯૭૧ના રોજ બંગાળી હિંદુઓ વિરુદ્ધ કરવામાં આવેલા અત્યાચારોને યુદ્ધ અપરાધ અને નરસંહાર માનવામાં આવે. ઓહાયોના ડેમોક્રેટ સાંસદ લેન્ડ્સમેને શુક્રવારે આ પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેને હવે વિદેશી બાબતોની સમિતિને મોકલી દેવામાં આવ્યો છે.

પ્રસ્તાવમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ૨૫ માર્ચ ૧૯૭૧ની રાત્રે પાકિસ્તાન સરકારે શેખ મુજીબુર રહેમાનની ધરપકડ કરી લીધી અને તેની સેનાએ જમાત-એ-ઈસ્લામીની વિચારધારાથી પ્રેરિત ઉગ્ર ઈસ્લામી જૂથો સાથે મળીને પૂર્વ પાકિસ્તાનમાં ઓપરેશન સર્ચલાઈટ નામે એક હિંસક દમન અભિયાન શરૂ કર્યું, જેમાં નાગરિકોનો મોટા પાયે નરસંહાર કરવામાં આવ્યો. તેમાં એ પણ ઉલ્લેખ છે કે ૨૮ માર્ચ ૧૯૭૧ના રોજ ઢાકામાં અમેરિકાના મહાવાણિજ્ય દૂત આર્ચર બ્લડએ વોશિંગ્ટનને પસંદગીયુક્ત નરસંહાર શીર્ષક સાથે એક ટેલિગ્રામ મોકલ્યો હતો, જેમાં તેમણે લખ્યું હતું કે, પાકિસ્તાની સેનાના સમર્થનથી બિન-બંગાળી મુસ્લિમો ગરીબ વસાહતો પર સંગઠિત હુમલા કરી રહ્યા છે અને બંગાળીઓ તથા હિંદુઓની હત્યા કરી રહ્યા છે.

જ્યારે બાંગ્લાદેશ પાકિસ્તાનનો જ ભાગ હતું ત્યારે ૧૯૭૦માં પહેલીવાર પૂર્વ પાકિસ્તાનમાં ચૂંટણી થઈ હતી. જેમાં શેખ મુજીબુર રહેમાનનો વિજય થયો હતો, પરંતુ યાહ્યા ખાન અને ઝુલ્ફિકાર અલી ભુટ્ટો તેની વિરુદ્ધ હતા.

૨૫ માર્ચ ૧૯૭૧ના રોજ પાકિસ્તાની સેના લોકો પર તૂટી પડી. અવામી લીગના લોકોને શોધી-શોધીને મારવામાં આવ્યા. ટૂંક સમયમાં જ આ હિંસા લઘુમતીઓ વિરુદ્ધ વધવા લાગી. આંકડા મુજબ, પાકિસ્તાની સેનાના આ ઓપરેશન સર્ચલાઈટમાં ૩૦ લાખ લોકો માર્યા ગયા હતા અને ૪ લાખ મહિલાઓ પર દુષ્કર્મ થયું હતું.

લેન્ડ્સમેને જણાવ્યું કે ૬ એપ્રિલ ૧૯૭૧ના રોજ આર્ચર બ્લડે અમેરિકન સરકારના મૌન સામે વાંધો ઉઠાવતા એક સંદેશ મોકલ્યો હતો, જેના પર ઢાકા વાણિજ્ય દૂતાવાસના ૨૦ સભ્યોએ હસ્તાક્ષર કર્યા હતા. તેને બાદમાં બ્લડ ટેલિગ્રામ તરીકે ઓળખવામાં આવ્યો. તે ટેલિગ્રામમાં કહેવામાં આવ્યું હતું કે, પરંતુ અમે એ આધારે હસ્તક્ષેપ ન કરવાનો નિર્ણય લીધો છે કે આવામી સંઘર્ષ, જેમાં દુર્ભાગ્યવશ નરસંહાર શબ્દ લાગુ પડે છે, તે એક સાર્વભૌમ દેશની આંતરિક બાબત છે. લેન્ડ્સમેન દ્વારા લાવવામાં આવેલા પ્રસ્તાવમાં અમેરિકન પ્રતિનિધિ સભાને આગ્રહ કરવામાં આવ્યો છે કે તે ૨૫ માર્ચ ૧૯૭૧ના રોજ બાંગ્લાદેશના લોકો વિરુદ્ધ પાકિસ્તાની સશસ્ત્ર દળો દ્વારા કરવામાં આવેલા અત્યાચારોની નિંદા કરે. પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે, પાકિસ્તાની સેના અને તેના ઈસ્લામી સહયોગીઓએ ધર્મ અને લિંગને ધ્યાનમાં લીધા વગર વંશીય બંગાળીઓની હત્યા કરી, તેમના નેતાઓ, બુદ્ધિજીવીઓ, ધંધાર્થીઓ અને વિદ્યાર્થીઓને મારી નાખ્યા અને હજારો મહિલાઓને જાતીય ગુલામી માટે મજબૂર કરી.

તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, ખાસ કરીને ધાર્મિક લઘુમતી હિંદુઓને નિશાન બનાવ્યા, જેમની વિરુદ્ધ સામૂહિક હત્યાઓ, સામૂહિક દુષ્કર્મ, જબરદસ્તી ધર્માંતરણ અને જબરદસ્તી હાંકી કાઢવા જેવી ઘટનાઓને અંજામ આપવામાં આવ્યો.

### લાલ ગ્રહ પર પાણીનો લાંબો ઈતિહાસ મળ્યો

# નાસાના રોવરે મંગળ પર અબજો વર્ષ પહેલા દટાયેલી નદી શોધી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નાસાના પર્સીવરન્સ રોવરે મંગળ પર સપાટી નીચે ઊંડે સુધી દટાયેલી સૌથી જૂની નદીની સીસ્ટમ પૈકી એકના નક્કર પુરાવા શોધી કાઢ્યા છે. આ શોધથી લાંબો સમય સુધી રાખવામાં આવેલી માન્યતાને બળ મળે છે કે મંગળ પર એક સમયે પુષ્કળ પાણી હતું. જીવન માટે પાણી જરૂરી હોવાથી આવી શોધ એવી શક્યતા મજબૂત બનાવે છે કે લાલ ગ્રહ પર એક સમયે જીવન અસ્તિત્વમાં હોઈ શકે. ૨૦૨૦માં લોન્ચ થયેલા રોવરે જેઝેરો ક્રેટર તરીકે ઓળખાતા જે વિસ્તારમાં શોધ કરી ત્યાં એક સમયે તળાવ હોવાનું માનવામાં આવે છે. લગભગ ૬.૧ કિલોમીટર ચાલીને પર્સીવરન્સે મંગળની જમીનના વિશ્લેષણ માટે આધુનિક સાધનોનો ઉપયોગ કર્યો. આ મિશન હવે સૂક્ષ્મજીવી જીવન માટે અનુકૂળ હોય તેવા પ્રાચીન વાતાવરણોના સંકેતો શોધવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આ શોધ માટે જમીન-ભેદી રડાર સીસ્ટમ રિમફેક્સ નામનું ઉપકરણ મહત્વનું સાબિત થયું છે. આ ઉપકરણ જમીનની નીચે ઊર્જાના તરંગો મોકલે છે અને તેના પડઘાનું વિશ્લેષણ કરીને જમીનની નીચેની સંરચનાઓનો નકશો બનાવે છે. આ ટેકનીકના ઉપયોગથી વિજ્ઞાનીઓએ ૧૧૫ ફીટ નીચે ઊંડાણમાં દબાયેલી ભૂવૈજ્ઞાનિક સંરચનાઓની શોધ કરી, જેમાં એવી વિશેષતા ઉજાગર થઈ છે જે સપાટીથી નજરમાં નથી આવતી.

રોવરે નદીના ડેલટાની લાક્ષણિક સ્તરીય કાંપ અને ક્ષીણ થયેલી રચનાઓ ઓળખી કાઢી. નદી ડેલટા એક એવી આકૃતિ છે જ્યાં નદીઓ મોટા જળાશયને મળે છે. આ દટાયેલો ડેલટા ૩.૭થી ૪.૨ અબજ વર્ષ જૂનો હોવાનો અંદાજ છે, જે તેને મંગળ પરના સૌથી પ્રાચીન પાણી સંબંધિત રચનામાંનો એક બનાવે છે. તેનું અસ્તિત્વ સૂચવે છે કે મંગળ પર પાણી અગાઉ માનવામાં આવતા કરતા લાંબા સમય સુધી ટકી રહ્યું હતું. વિજ્ઞાનીઓ ખાસ કરીને એટલા માટે ઉત્સાહિત છે કારણ કે આવી સૂક્ષ્મ સ્તરીય ભૂગર્ભ થાપણો પ્રાચીન જીવના નિશાનો (બાયોસિગ્નેચર) જાળવી શકે છે. ૨૫૦થી વધુ મંગળ દિવસમાં એકત્રિત કરવામાં આવેલા ડાટાએ ગ્રહની પેટા-સપાટીનું અત્યાર સુધીનું સૌથી ગાઢ સ્કેન પૂરુ કર્યું છે. નિષ્ણાંતો માને છે કે આ સફળતા ગ્રહોના સંશોધનમાં રડાર ટેકનોલોજીના મહત્વને ઉજાગર કરે છે અને તેનાથી મંગળ પર જીવનની સંભાવના સમજવામાં મદદ કરશે.

# વધુ એક ભારતીય ફાસ્ટ બોલર IPL 2026માંથી બહાર થયો: આકાશ દીપ ઈજાના કારણે આખી સીઝનમાંથી બહાર

### KKRએ મિની-ઓક્શનમાં આકાશ દીપને ૧ કરોડમાં ખરીદ્યો હતો: આ પહેલા પણ બે ફાસ્ટ બોલર ઈજાગ્રસ્ત થતાં બહાર થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

IPL 2026 શરૂ થાય તે પહેલા KKRને એક બાદ એક મોટા ઝટકા લાગી રહ્યા છે. ટુર્નામેન્ટ પહેલા કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)નો ફાસ્ટ બોલર આકાશ દીપ આખી સીઝનમાંથી બહાર થઈ ગયો છે. KKRએ મિની-ઓક્શન દરમિયાન આકાશ દીપને ૧ કરોડમાં ખરીદ્યો હતો. જો કે, ટીમની ફાસ્ટ-બોલિંગ યુનિટ પહેલેથી જ ઈજાઓથી ઝઝૂમી રહી છે ત્યારે હવે આકાશ દીપ બહાર થતાં ટીમની મુશ્કેલી વધી ગઈ છે.

શનિવારે આકાશ દીપની ગેરહાજરીની પુષ્ટિ કરતા KKR ફ્રેન્ચાઈઝી સાથે સંકળાયેલા એક અધિકારીએ જણાવ્યું કે આકાશ દીપ આગામી IPL સીઝનમાંથી બહાર થઈ ગયો છે. તે હજુ સુધી બેંગલુરુમાં BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) ખાતે રિહેબ માટે ગયો નથી, પરંતુ તે ચોક્કસ છે કે તે આ સીઝન માટે ઉપલબ્ધ રહેશે નહીં. કોલકાતા નાઈટ રાઈડર્સ ૨૯ માર્ચે પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ સામે તેની નવી સીઝન શરૂ કરશે. આ મેચ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાનારી છે.

KKRનો પ્રી-સીઝન કેમ્પ ૧૮ માર્ચે શરૂ થયો હતો. જો કે, આકાશ દીપ ટીમમાં જોડાયો નહોતો અને શુક્રવારે સાંજે ઈડન ગાર્ડન્સ ખાતે યોજાયેલી ઈન્ટ્રા-સ્ક્વોડ પ્રેક્ટિસ મેચ દરમિયાન પણ તે જોવા મળ્યો નહોતો. અહેવાલો અનુસાર એવું માનવામાં આવે છે કે આકાશ દીપને ૧૫થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન કલ્યાણીના બંગાળ ક્રિકેટ એકેડેમી ગ્રાઉન્ડ પર જમ્મુ-કાશ્મીર સામેની રણજી ટ્રોફી સેમિફાઈનલ મેચમાં બંગાળ વતી રમતી વખતે તેની ડાબી એડી પર ઈજા થઈ હતી. આકાશ દીપ હવે બહાર થઈ ગયા પછી ㏈㏈ઈની તેના ફાસ્ટ-બોલિંગ વિભાગ અંગેની ચિંતાઓ વધુ તીવ્ર બની છે. ભારતીય ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર હર્ષિત રાણા પહેલાથી જ બહાર છે, જ્યારે શ્રીલંકાના ફાસ્ટ બોલર મથેશા પથિરાણા તેની ઈજાને કારણે તેના ક્રિકેટ બોર્ડ તરફથી મંજૂરીની રાહ જોઈ રહ્યો છે. ખભાની ઈજાને કારણે પથિરાણા ૨૦૨૬ના મેન્સ T20 વર્લ્ડ કપમાં પણ બધી મેચોમાં રમી શક્યો નહોતો.

KKRની ફાસ્ટ બોલિંગ યુનિટમાં હાલમાં વૈભવ અરોરા, ઉમરાન મલિક, મુઝારાબાની અને કાર્તિક ત્યાગીનો સમાવેશ થાય છે, જ્યારે કેમેરોન ગ્રીન અને રમનદીપ સિંહ ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડ વિકલ્પો તરીકે છે. પરિણામે KKR ઈડન ગાર્ડન્સ ખાતે ટ્રાયલ યોજીને તેના ફાસ્ટ બોલિંગ વિભાગને મજબૂત બનાવવા માટે નવી પ્રતિભાને સક્રિય રીતે શોધી રહ્યું છે. નવદીપ સૈની, આકાશ માધવાલ, સિમરજીત સિંહ, સંદીપ વોરિયર, કેએમ આસિફ અને સુનીલ કુમાર જેવા ખેલાડીઓ હવે આકાશ દીપને થયેલી ઈજાઓથી સર્જાયેલી ખાલી જગ્યાઓ ભરવા માટે આ ટ્રાયલ્સમાં ભાગ લઈ રહ્યા છે.

### સમગ્ર પ્રદેશમાં તેની જોરશોરથી ચર્ચા થઈ રહી છે

# દીકરીના એક નિર્ણયથી હચમચી ગયા પિતા, જીવિત પુત્રીનો છપાવી દીધો શોક સંદેશ

### આકાંક્ષાએ પરિવારની ઈચ્છા વિરુદ્ધ અન્ય સમાજના યુવક સાથે સંબંધ બાંધી લીધો : તે યુવક સાથે જવાનો નિર્ણય કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)જયપુર

રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના અમાલ્દા ગામમાં એક વિચિત્ર ઘટના સામે આવી છે. જ્યાં એક પિતાએ પોતાની જીવિત દીકરીનો શોક સંદેશ છપાવી દીધો છે. આ શોક સંદેશમાં દીકરીના મૃત્યુની તારીખ ૨૦ માર્ચ ૨૦૨૬ દર્શાવી છે અને ૨૨ માર્ચે સ્મૃતિ બેઠક. પિતાના આ કઠોર નિર્ણયની ચર્ચા ચારેતરફ થઈ રહી છે.

જાણકારી અનુસાર દીકરી આકાંશા કાનાવતે કોઈ બીજા સમાજ સાથે સંબંધ બાંધી લીધો, ત્યારબાદ પોલીસ યુવક અને યુવતીને પોલીસ સ્ટેશન લાવી હતી. જ્યાં પરિવારજનોએ પુત્રીને મનાવવાનો પ્રયાસ કર્યો પરંતુ દીકરીએ યુવક સાથે જવાની વાત કરી હતી. પુત્રીની આ વાતથી નારાજ પિતાએ તેનો શોક સંદેશ છપાવી દીધો.

દીકરીના સમાજ વિરોધી નિર્ણયથી તૂટી ચુકેલા પિતા દેવેન્દ્ર સિંહ કાનાવતે પોતાની જીવિત પુત્રી આકાંક્ષાને મૃત માની તેનો શોક સંદેશ છપાવી દીધો છે. ક્ષેત્રમાં તે ચર્ચાનો વિષય છે કે એક સ્વાભિમાની પિતાએ સમાજને ખાતર પોતાના સંતાન તરફથી મોહ ભંગ કરી લીધો.

દેવેન્દ્ર સિંહ કાનાવતે પોતાની પુત્રી આકાંક્ષા (૨૭) ને મોટા સપનાઓ સાથે ઉચ્ચ અભ્યાસ માટે જયપુર મોકલી હતી. પિતાને આશા હતી કે દીકરી અભ્યાસ કરી પોતાના કુળનું નામ રોશન કરશે. પરંતુ આકાંક્ષાએ પરિવારની ઈચ્છા વિરુદ્ધ અન્ય સમાજના યુવક સાથે સંબંધ બાંધી લીધો.

પોલીસ દ્વારા શોધી કાઢ્યા બાદ પોલીસ સ્ટેશનમાં પિતાએ પોતાની લાડલીને સમજાવવાનો પ્રયાસ કર્યો અને ઘરે પરત ફરવા અનેક વિનંતી કરી. પરંતુ આકાંક્ષાએ તે યુવક સાથે જવાનો નિર્ણય કર્યો. પુત્રીના આ નિર્ણયથી નિરાશ થયેલા પિતાએ આ કઠોર નિર્ણય લેવો પડ્યો છે.

દીકરીની વલણથી નારાજ થયેલા પિતાએ તેનો હંમેશા માટે ત્યાગ કર્યો છે. છપાવેલા શોક સંદેશમાં આકાંક્ષાના ફોટોની સાથે ૨૦ માર્ચ ૨૦૨૬ના તેનો સ્વર્ગવાસ દર્શાવવામાં આવ્યો છે. તેમાં ૨૨ માર્ચે સ્મૃતિ સભા અને ૩૧ માર્ચે બ્રહ્મભોજનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. કાર્ડની નીચે શોકગ્રસ્ત પિતા દેવેન્દ્ર સિંહ બ્લોક કોંગ્રેસ જહાજપુર સહિત પરિવારના નામ પણ લખાવ્યા છે. પિતાનું આ પગલું તે સંતાનો માટે સંદેશ માનવામાં આવી રહ્યું છે જે માતા-પિતાના ત્યાગ અને સામાજિક મર્યાદાને છોડી પોતાનો માર્ગ પસંદ કરે છે. શક્કરગઢના પોલીસ અધિકારી પૂરણમલ મીણાએ જણાવ્યું કે યુવતી વયસ્ક છે. પરિવારે સમજાવવાનો ખુબ પ્રયાસ કર્યો પરંતુ યુવતી માની નહીં અને તેણે યુવક સાથે જવાની માંગ કરી. યુવતી તરફથી પોલીસ સુરક્ષા પણ માંગવામાં આવી છે.

# માધુપુરામાં PCBએ બુટલેગરોની નવી મોડસ ઓપરેન્ડી ઝડપી પાડી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં બૂટલેગરો ધરપકડથી બચવા માટે અવનવા કીમિયા અપનાવતા હોય છે, પરંતુ PCBએ તેમની એક નવી ચાલાકીનો પર્દાફાશ કર્યો છે. માધુપુરા વિસ્તારમાં લેડીઝ ફૂટવેરના પાર્સલની આડમાં મંગાવવામાં આવેલો વિદેશી દારૂનો જથ્થો પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી અનુસાર, PCBની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે માધુપુરામાં પ્રેમ દરવાજા બહાર આવેલા પટેલ ગુડ્સ ફ્લાઈટ કેરિયર્સના ગોડાઉનમાં શંકાસ્પદ પાર્સલ આવ્યા છે.

આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા ત્યાં લેડીઝ ચપ્પલના બોક્સ મળી આવ્યા હતા. જોકે, જ્યારે આ બોક્સ ખોલવામાં આવ્યા ત્યારે પોલીસ પણ ચોંકી ઊઠી હતી, કારણ કે ચપ્પલોની નીચે વિદેશી દારૂની મોંઘી બોટલો છુપાવવામાં આવી હતી.પોલીસ તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૩૨ બોટલો સહિત કુલ ૧,૯૨,૫૬૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ દારૂનો જથ્થો દિલ્હીના બવાના ખાતેથી મોકલવામાં આવ્યો હતો. આ પાર્સલ અમદાવાદના નીલમ ફૂટવેરના નામે મંગાવવામાં આવ્યું હતું.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અમરેલી જિલ્લાના નાગરિકોને રૂ.૭૦૭ કરોડના ૨૪ વિકાસ પ્રકલ્પોની ભેટ



## અમરેલી જિલ્લાના આંતરમાળખાકીય સુવિધાઓને વેગ આપતા રૂ. ૬૮૧.૭૮ કરોડના ૧૪ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત : જનસુખાકારીમાં વધારો કરતા રૂ. ૨૫.૨૩ કરોડના ૧૦ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરતા મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રીશ્રીએ અમરેલી જિલ્લાની પ્રગતિને નવી દિશા આપતા પ્રજાલક્ષી વિકાસ કાર્યોની ભેટ આપી અમરેલી એ.પી.એમ.સી ખાતે વિશાળ જનસભા સંબોધી હતી. સાથે જ ખેડૂતોના ઉત્પાદનોના રક્ષણ માટે રૂ. ૧૨ કરોડના ખર્ચે બે લાખ ચોરસ ફૂટમાં નિર્મિત "વિરાટ" શેડનું તકતી અનાવરણ કરી લોકાર્પણ કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લાના વિકાસ માટે રાજ્ય સરકાર ઉદાર હાથે જોઈએ તેટલા નાણા આપશે. આ માટે જિલ્લાની વિકાસ કામોનું સુવ્યવસ્થિત આયોજન સાથે ગુણવત્તાયુક્ત કામ થાય તેની તકેદારી લઈ વિકાસ યાત્રાને આગળ ધપાવવા માટે અપીલ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ માટે એક નવી તત્પરતા પણ જોવા મળી રહી છે, તાજેતરમાં યોજાયેલી સૌરાષ્ટ્ર રીજનલ વાઈબ્રન્ટ સમિટમાં માત્ર અમરેલી જિલ્લાના વિકાસ માટે જુદા જુદા પ્રોજેકટમાં રોકાણ અર્થે આશરે ૩૬,૦૦૦ કરોડના એમ.ઓ.યુ પણ થયા છે. ઉપરાંત એક નવી જી.આઈ.ડી.સી પણ મંજુર કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જનપ્રતિનિધિશ્રીઓએ ટીમ બનીને સુવ્યવસ્થિત વિકાસના કામોનું આયોજન કર્યું છે, તેના પરિણામે જ એક સાથે આટલા વિકાસ કાર્યોનું લોકાર્પણ ખાતમુહૂર્ત થઈ રહ્યું છે. છેવાડાના માનવીને મુખ્ય પ્રવાહમાં જોડવા માટે આયોજનબદ્ધ વિકાસ કાર્યો થાય તે જરૂરી છે, સાથે જ શહેરોમાં જે સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે તેટલી જ ગ્રામ્ય વિસ્તારમાં આપવા માટે ભાર મૂક્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વથી સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય નાણાકીય વ્યવસ્થાપનમાં ટોચના સ્થાને છે, પરિણામે આજે ગુજરાતમાં નાણાંના અભાવે વિકાસનું કોઈપણ કાર્ય અટકતું નથી. મુખ્યમંત્રીશ્રીએ વિકાસ કાર્યોને જમીન પર ઉતારવા માટે રાજ્ય સરકાર સંપૂર્ણ મદદ માટે પ્રતિબધ્ધ છે, સાથે જ તેમણે વિકાસ કાર્યો માટે જન પ્રતિનિધિઓમાં રહેલા ઉત્સાહને વધાવ્યો હતો.

અમરેલી જિલ્લાના લોકો પાણી માટેની મુશ્કેલીઓની પરિસ્થિતિને સારી રીતે અવગત છે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ભવિષ્યમાં પાણીનું સંકટ ન આવે તે માટે અત્યારથી જ જરૂરી આયોજન કરવામાં આવ્યું છે, સાથે જ "કેચ ધ રેઈન" અભિયાન અંતર્ગત વરસાદી પાણીને જમીનમાં ઉતારવા માટેના પણ કાર્યો થઈ રહ્યા છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વરસાદી પાણીના સંગ્રહ માટે ધારાસભ્યોને દર વર્ષે રૂ. ૫૦ લાખની અલગથી ગ્રાન્ટ પણ આપવામાં આવી રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા વિકસિત ગુજરાતની નેમને ચરિતાર્થ કરવા સહિયારો પ્રયાસ કરવા પર મુખ્યમંત્રીશ્રીએ ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્બોધન કરતા ઊર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અમરેલી જિલ્લાને ઉદાર હાથે વિકાસકાર્યોની ભેટ આપવામાં આવી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની નોંધ સમગ્ર વિશ્વમાં લેવાઈ છે, તેમના નેતૃત્વમાં કંડારેલી વિકાસની કેડીને મુખ્યમંત્રીશ્રી આગળ ધપાવી રહ્યા છે. આજે મુખ્યમંત્રીશ્રીના હસ્તે આશરે રૂ. ૨૭૦ કરોડથી વધુના ખર્ચે રિંગ રોડનું ખાતમુહૂર્ત થવાનું છે. મુખ્યમંત્રીશ્રીએ અમરેલી રીવરફ્રન્ટ માટે રૂ. ૫૦ કરોડના આયોજન સામે વધુ થતા ખર્ચને મંજૂર કરી રૂ. ૭૦ કરોડની મંજૂરી આપી છે. અમરેલીમાં મુખ્યમંત્રીશ્રીએ આપેલા વિકાસકાર્યોની ભેટ થકી આગામી સમયમાં લાઠી રોડ, રેલવે ફાટક પર રૂ. ૯૫ કરોડના ખર્ચે ઓવરબ્રીજ તૈયાર થશે. બાબાપુર માર્ગે રૂ. ૩૫ કરોડના ખર્ચે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ તૈયાર થવાની છે. વડિયા શહેર અને તાલુકાને પ્રથમ વિજ્ઞાન કોલેજની સુવિધા મળી છે. યુવાનો માટે રૂ.૨૫ કરોડના ખર્ચે વિજ્ઞાન કેન્દ્ર અને રૂ. ૧૬ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ તૈયાર થઈ રહ્યા છે. ગત બજેટમાં લાઈબ્રેરી માટે રૂ. ૧૫ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. તાજેતરમાં જ વરસડા ખાતે રૂ. ૩૫ કરોડના ખર્ચે પાણી પુરવઠાના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. થોડા સમય અગાઉ રાજ્યમાં થયેલા કમોસમી વરસાદના પગલે મુખ્યમંત્રીશ્રીએ તાત્કાલિક ખેડૂતો માટે રૂ. ૧૦,૦૦૦ કરોડનું પેકેજ જાહેર કરી અને તાત્કાલિ સહાયતા જમા કરાવી હતી. અમરેલી એ.પી.એમ.સી. પધારેલા નિકોલના ધારાસભ્યશ્રી જગદિશભાઈ વિશ્વકર્માએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આરંભેલી અને મુખ્યમંત્રીશ્રીએ આગળ ધપાવેલી વણથંભી વિકાસયાત્રા પૈકી સૌરાષ્ટ્રની પાયાની સમસ્યા પાણી અને સિંચાઈના વિકાસી ગાથા વર્ણવી હતી. આજે વડાપ્રધાનશ્રીએ નર્મદાના નીર "સૌની યોજના"ના કેનાલ નેટવર્ક અને પાઈપલાઈન દ્વારા સૌરાષ્ટ્રની માતાઓ બહેનોનાં ઘર ઘર સુધી પહોંચાડ્યા છે. આ કડીના ભાગરૂપે ૦૧ લાખથી વધુ ચેકડેમનું નિર્માણ થયું હતું. વડાપ્રધાનશ્રીએ દેશની ૧૦ કરોડ માતાઓ - બહેનોને ગેસના ચૂલા ઉજ્જવલા યોજના હેઠળ આપી અને તેમના સ્વાસ્થ્યની દરકાર કરી છે. વિકાસનો આ તમામ શ્રેય વડાપ્રધાનશ્રીને અર્પણ છે.

આ પ્રસંગે મંત્રીશ્રી ધારાસભ્યશ્રી સર્વે દ્વારા મુખ્યમંત્રીશ્રીનું ટાવરની પ્રતિકૃતિ આપી સન્માન કરવામાં આવ્યું હતું, જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આંબરડી સફારી પાર્કની પ્રતિકૃતિ આપી મુખ્યમંત્રીશ્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. ટીમ અમરેલી દ્વારા રામ મંદિર અને વિકાસગાથાને વર્ણવતી પ્રતિકૃતિ આપી મુખ્યમંત્રીશ્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી ખાતે નિકોલના ધારાસભ્યશ્રી જગદિશભાઈ વિશ્વકર્માનું ટીમ અમરેલી વતી ૧,૧૧,૧૧૧ નોટબૂકથી સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી વિશ્વકર્માએ આ નોટબૂકનું વિતરણ જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને કરવા માટે જણાવ્યું હતું.

આ કાર્યક્રમના અંતે એન.એલ.આર.એમ યોજનાના લાભાર્થી બહેનોને ચેક વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ચાવીની પ્રતિકૃતિ અર્પણ કરવામાં આવી હતી. જ્યારે પ્રાથમિક કૃષિ વિષયક ધીરાણ મંડળીઓને આર્થિક પ્રોત્સાહન આપતો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. જ્યારે ૬૯મી શાળાકીય રાષ્ટ્રીય કક્ષાની અંડર-૧૯ હેન્ડબોલમાં ભાઈઓ અને બહેનોની ટીમના વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોએ દિવ્યાંજનોને ઈ-ટ્રાઈસીકલ અર્પણ કરી અને પ્રસ્થાન કરાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીના આગમન પૂર્વે સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા અને સહકારી અગ્રણી શ્રી પી.પી. સોજીત્રાએ પ્રસંગિક સંબોધન કર્યું હતું. તેમજ જિલ્લા કલેકટર શ્રી વિકલ્પ ભારદ્વાજ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.આ પ્રસંગે સાંસદશ્રી ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય સવશ્રી હિરાભાઈ સોલંકી, શ્રી જે.વી. કાકડિયા, શ્રી જનકભાઈ તળાવિયા, શ્રી મહેશભાઈ કસવાલા, ખેતીવાડી બજાર ઉત્પ્ન બજાર સમિતિના પૂર્વ અધ્યક્ષશ્રી પી.પી. સોજિત્રા, શ્રી ભાવિન સોજિત્રા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યા, અગ્રણી શ્રી અભયસિંહ ચૌહાણ, શ્રી અતુલભાઈ કાનાણી, શ્રી રાજેશભાઈ ભુતૈયા, શ્રી ચેતન શિયાળ, શ્રી મયૂર માંજરિયા, સહિતના અગ્રણીઓ અને જિલ્લામાંથી પધારેલા ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## પોક્સો અને એટ્રોસિટી હેઠળ ધરપકડ: ધોરણ ૧૨ની વિદ્યાર્થિની પર મહિલા પોલીસકર્મીના પતિએ દુષ્કર્મ આચર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરમાં ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાના અંતિમ દિવસે એક અત્યંત શરમજનક અને ચકચારી ઘટના સામે આવી છે. ગ્રામ્ય વિસ્તારમાંથી પરીક્ષા આપવા આવેલી એક સગીર વિદ્યાર્થિનીને કારમાં બેસાડી, નવા ઓવરબ્રિજ નીચે લઈ જઈ દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ કેસમાં ચોંકાવનારી વિગત એ છે કે આરોપી જામનગરની એક મહિલા પોલીસ કર્મચારીનો પતિ (મૈત્રી કરારથી રહેતો) છે.

મળતી માહિતી અનુસાર, જામનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારની સગીર વિદ્યાર્થિની ૧૬મી માર્ચના રોજ પોતાનું અંતિમ પેપર આપવા માટે એસ.ટી. બસમાં જામનગર આવી હતી. ડેપો પર ઉતરતા જ ચાર દિવસ પહેલાં સંપર્કમાં આવેલો ભરત બામરોટિયા નામનો શખસ તેને મળ્યો હતો. ભરતે વિદ્યાર્થિનીને પોતાની કારમાં બેસાડી સાત રસ્તા થઈ નવા ઓવરબ્રિજ નીચેના એકાંતવાળા ભાગમાં લઈ ગયો હતો. ત્યાં કારના ડાર્ક કાચ ચડાવી, વિદ્યાર્થિનીને ધાકધમકી આપીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

આ ઘટના છતાં વિદ્યાર્થિનીએ હિંમત હાર્યા વગર તે દિવસનું પેપર આપ્યું હતું. મોડી સાંજે જ્યારે તે ઘરે પહોંચી, ત્યારે તેના ગળાના ભાગે ઈજાના નિશાનો જોઈ માતા અને ભાઈએ પૂછપરછ કરી હતી.

વિદ્યાર્થિનીએ રડતા-રડતા સમગ્ર આપવીતી જણાવતા પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો. રાત્રે જ પરિવાર જામનગર સીટી બી. ડિવિઝન પોલીસ મથકે પહોંચ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. ભોગ બનનાર સગીરા અને દલિત હોવાથી પોલીસે આરોપી ભરત બામરોટિયા સામે એસ્ટ્રોસિટી તેમજ પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ કરી આરોપીની ધરપકડ કરી લીધી છે. ગુનામાં વપરાયેલી કાર, મોબાઈલ ફોન અને તે સમયે પહેરેલા કપડાં પણ કબજે કરવામાં આવ્યા છે. અદાલતે આરોપીને જેલ હવાલે કરવાનો આદેશ આપ્યો છે.

તપાસમાં સામે આવ્યું છે કે ભરત બામરોટિયા કારની લે-વેચનો વ્યવસાય કરે છે. તેના અગાઉ પ્રેમ લગ્ન થયા હતા અને એક સંતાન પણ છે, પરંતુ પત્ની સાથે અણબનાવ થતા તે છૂટો પડ્યો હતો. હાલમાં તે જામનગરમાં એક મહિલા પોલીસ કર્મચારી સાથે મૈત્રી કરારથી સંબંધમાં હતો અને તેની સાથે પોલીસ હેડક્વાર્ટરમાં જ રહેતો હતો. પોલીસ હેડક્વાર્ટરમાં રહેતા શખસે જ સગીરા સાથે આવું કૃત્ય આચરતા પોલીસ બેડામાં પણ ચર્ચાઓ જાગી છે.

### LCBએ બંને આરોપીને ઝડપી પાડ્યા

## ૮૨ વર્ષના વૃદ્ધને ધમકાવીને સોનાના બટન લૂંટનારા બે શખસો ઝડપાયા

### બે અજાણ્યા શખસો મોટરસાયકલ પર આવ્યા હતા અને વૃદ્ધને તેમના ઘરે મૂકી જવાની વાત કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલીના રાજુલા તાલુકાના માંડલ ગામના વૃદ્ધને બાઈક પર બેસાડી સોનાના બટન લૂંટનાર બે શખસો ઝડપાયા છે.

આરોપીઓએ ૮૨ વર્ષીય વૃદ્ધને ઘરે મૂકી જવાની લાલચ આપી લૂંટ ચલાવી હતી. સમગ્ર મામલે LCBએ મુદ્દામાલ સાથે બે રીઢા ગુનેગારોને દબોચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

રાજુલાના ડુંગર વિસ્તારમાં થોડા દિવસો પહેલા બે શખસોએ એક વૃદ્ધને નિશાન બનાવી સોનાના બટનની લૂંટ ચલાવી હતી. સમગ્ર મામલે વૃદ્ધે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને લઈને અમરેલી ન્ઝમ(લોકલ ક્રાઈમ બ્રાન્ચ)ની ટીમે આરોપીને ઝડપી પાડવા તપાસ હાથ ધરી હતી. જેમાં LCBએ ગણતરીના દિવસોમાં બંને આરોપીને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા બંને આરોપીઓ અગાઉ પણ અનેક ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે.

ઘટના એમ છે કે, રાજુલાના માંડલ ગામે રહેતા ૮૨ વર્ષીય વૃદ્ધ દુલાભાઈ ભગવાનભાઈ નકુમ ગત ૧૯ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજના સમયે પસાર થતા હતા, ત્યારે બે અજાણ્યા શખસો મોટરસાયકલ પર આવ્યા હતા અને વૃદ્ધને તેમના ઘરે મૂકી જવાની વાત કરી હતી. આ પછી આરોપીઓએ વૃદ્ધને વિશ્વાસમાં લઈને બાઈક પર બેસાડ્યા હતા. જો કે, ઘરે ઉતારવાને બદલે થોડે દૂર લઈ જઈને વૃદ્ધને માર મારવાની ધમકી આપી ડરાવી-ધમકાવી તેમના ખમીસમાં પહેરેલા આશરે બે તોલા સોનાના ત્રણ બટન બળજબરીપૂર્વક કાઢીને બંને આરોપી નાસી છૂટ્યા હતા.

આ અંગે ડુંગર પોલીસ મથકમાં વૃદ્ધે ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર મામલે અમરેલી ન્ઝમની ટીમે ટેકનિકલ સોર્સ અને ખાનગી બાતમીદારોની મદદથી રાજુલાના તત્વજ્યોતિ વિસ્તારમાં રહેતા સુજલ ઉર્ફે હુડી રાજુભાઈ સોલંકી(ઉં.વ. ૨૦) અને સોનુ ઉર્ફે ભુરો કિશનભાઈ સોલંકી(ઉં.વ. ૨૫)ને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપી પાસેથી રૂ.૧.૨૧ લાખની કિંમતના ૯.૩૮૦ ગ્રામ વજનના સોનાના ત્રણ બટન, ગુનામાં વપરાયેલું બાઈક સહિત કુલ રૂ.૧.૫૧ લાખનો મુદ્દામાનલ જપ્ત કર્યો છે. પોલીસ તપાસમાં ખૂલ્યું કે, પકડાયેલ બંને આરોપીઓ રીઢા ગુનેગાર છે. સુજલ વિરુદ્ધ રાજુલા અને પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં મારામારી અને ચોરીના ગુનાઓ નોંધાયેલા છે. જ્યારે સોનુ વિરુદ્ધ રાજુલામાં લૂંટ, ધમકી અને મારામારી સહિત કુલ ત્રણથી વધુ ગુનાઓ નોંધાયેલા છે. સમગ્ર મામલે ડુંગર પોલીસે હાલ બંને આરોપીની ધરપકડ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પટનામાં ઈદની ખુશી માતમમાં ફેરવાઈ

## ઘરેલું વિવાદમાં પતિએ પત્નીની છરીના ઘા ઝીંકીને કરી હત્યા

### ઘટનાની જાણકારી મળતાની સાથે જ આલમગંજ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને તપાસ શરૂ કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)પટના

તહેવારના દિવસે ઘરમાં ખુશીનો માહોલ હોય છે, ઘરના બધા સભ્યો સાથે બેસીને જૂની વાતોને યાદ કરીને એ દિવસને ખાસ બનાવતા હોય છે. સાથે જમવાનું, સંબંધીના ઘરે મળવા જવાનું અને તહેવારની શુભેચ્છા પાઠવવાની મજા જ કંઈક અલગ હોય છે, પરંતુ કોઈ તહેવાર દરમિયાન ઘરમાં કોઈ ઘટના ઘટે તો ખુશીનો માહોલ માતમમાં ફેરવાઈ જાય છે. પટનામાં પણ કંઈક એવું જ થયું. ગઈકાલે એટલે કે ૨૧ માર્ચ (શનિવાર)ની સાંજે આલમગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા પીરબૈસ માર્કેટ પાસે ઈદના દિવસે એક ભયાનક ઘટના બની હતી. પારિવારિક વિવાદમાં એક યુવાને પોતાની પત્નીની છરીથી હત્યા કરી દીધી. પતિએ પત્નીના પેટ, ગળા અને હાથ પર છરીથી હુમલો કર્યો હતો. ઘટના અંગે જાણ થતાં જ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને તપાસ શરૂ કરી હતી.

મળતી માહિતી મુજબ, મોહમ્મદ સોનૂ અને તેની ૨૪ વર્ષીય પત્ની જેબા પરવીન પીરબૈસ માર્કેટ પાસે ભાડાના મકાનમાં રહેતા હતા. શનિવારે સાંજે બંને વચ્ચે ઘરેલું વિવાદ થયો હતો. વિવાદ દરમિયાન સોનૂએ છરીથી જેબા પરવીન પર હુમલો કર્યો હતો, જેના કારણે તે ગંભીર રીતે ઘાયલ થઈને રૂમમાં જ જમીન પર પડી ગઈ હતી. આ પછી સોનૂ રૂમમાંથી બહાર નીકળી ગયો હતો. જેબાના ચાર વર્ષના બાળકે નજીકમાં રહેતી તેની માસીના ઘરે જઈને આ ઘટનાની જાણ કરી હતી. અવાજ સાંભળી આસપાસના લોકો પણ ત્યાં ભેગા થઈ ગયા હતા. ત્યારબાદ તરત જ ઘાયલ જેબા પરવીનને NMCH હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. પરિવારજનોના જણાવ્યા મુજબ, જેબા પરવીનના લગ્ન ચાર વર્ષ પહેલા મોહમ્મદ સોનૂ સાથે થયા હતા. જોકે અચાનક આવી ઘટના બનતા ઘરમાં ચાલી રહેલો ઈદનો ખુશીનો તહેવાર માતમમાં ફેરવાઈ ગયો હતો. ઘટનાની જાણકારી મળતાની સાથે જ આલમગંજ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને તપાસ શરૂ કરી હતી. પોલીસે મૃતદેહને કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે NMC મોકલ્યો છે. પોલીસનું કહેવું છે કે, આ ઘટના ઘરેલું વિવાદના કારણે બની છે. ઘટના બાદ પતિ ફરાર છે અને તેની શોધખોળ કરવામાં આવી રહી છે. સાથે જ, ઘટનામાં ઉપયોગ થયેલી છરીની પણ શોધ ચાલી રહી છે. આલમગંજ પોલીસના જણાવ્યા મુજબ, ઘરની આસપાસના CCTV કેમેરાની મદદથી આરોપી પતિની શોધખોળ કરવામાં આવી રહી છે. પરિવારજનોના નિવેદન બાદ જ ઘટનાના કારણો સ્પષ્ટ થઈ શકશે. પોલીસ દરેક પાસા પર તપાસ કરી રહી છે.

## અયોધ્યા રામલલ્લાના દર્શન કરવા પહોંચી જર્મન બાળકી

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

આજકાલ સોશિયલ મીડિયા પર દરરોજ હજારો વીડિયો અપલોડ થાય છે, પણ એમાંથી થોડાં જ એવા હોય છે જે સીધા લોકોના દિલને સ્પર્શી જાય છે. ખાસ કરીને જ્યારે વાત બાળકોની હોય ત્યારે આવા વીડિયો ઝડપથી વાયરલ થઈ જાય છે. ઘણીવાર વિદેશી લોકોના વીડિયો પણ ભારતમાં ખુબ વાયરલ થાય છે.

હાલમાં જ એક વિદેશી નાની બાળકીનો ક્યૂટ વીડિયો ઈન્ટરનેટ પર ધૂમ મચાવી રહ્યો છે, જેને જોઈને લોકો પોતાની સ્માઈલ રોકી શકતા નથી. આજના સમયમાં જ્યાં કન્ટેન્ટ ક્રિએટર્સ લાઈક્સ અને વ્યૂઝ માટે અલગ-અલગ એક્સપેરીમેન્ટ કરે છે, ત્યાં આ નાની બાળકીએ કોઈ પણ પ્રયાસ કર્યા વિના માત્ર ક્યુટનેશથી લોકોનું દિલ જીતી લીધું છે. હવે સોશિયલ મીડિયા પર લોકો પણ આ વીડિયો પર વિવિધ પ્રકારની કોમેન્ટ્સ કરી રહ્યા છે.

હકીકતમાં, જર્મનીથી અયોધ્યા આવેલી આ બાળકીએ રામ મંદિરના દર્શન કર્યા અને પછી ભારત આવવાનો અનુભવ શેર કર્યો. જે રીતે તેણે બધું શેર કર્યું, તેના આ જ અંદાજે બધાનું ધ્યાન ખેંચ્યું છે. જર્મનીથી અયોધ્યા આવેલી એક નાની વિદેશી બાળકીનો રામલલ્લાના દર્શન કરતી વખતેનો વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ જ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં બાળકી ભવ્ય મંદિર જોઈને ઉત્સાહિત અને ભાવુક દેખાઈ રહી છે. તેની નિર્દોષતા, હાથ જોડીને કરેલી પ્રાર્થના અને રામ મંદિરની સુંદરતા પર આપેલી પ્રતિક્રિયાએ દર્શકોનું દિલ જીતી લીધું છે. આ વીડિયો ભારતની સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાની તરફ વિદેશીઓના વધતા આકર્ષણને દર્શાવે છે. આ વીડિયોમાં જર્મનીની એક બાળકી અંગ્રેજીમાં પોતાનો અનુભવ શેર કરતી જોવા મળે છે. ખૂબ જ પ્રેમથી બાળકી કહે છે, "મારું નામ આંજન્યા છે. હું જર્મનીથી આવી છું. અહીં બહુ ગરમી છે, પરંતુ ભારત એવું જ છે. અહીં તો વધુ ગરમી પડતી રહે છે. ગરમીની સીઝન પણ હોય છે. મારા માટે ગરમી સામાન્ય છે." આગળ બાળકી કહે છે કે, "રામ મંદિર ખૂબ જ સુંદર છે. મેં કાલે જ રામલલ્લાના દર્શન કર્યા હતા. હું બે દિવસ પહેલાં જ રામલલ્લાની મૂર્તિ જોવા માગતી હતી અને આખરે મેં દર્શન કરી જ લીધા. ખૂબ જ સારો અનુભવ રહ્યો."

આ વાતચીત બાદ જેવો વીડિયો પોસ્ટ થયો કે તરત જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો અને ભારતીય લોકો પણ તેની પ્રશંસા કરવા લાગ્યા. વીડિયોમાં એક વ્યક્તિ બાળકીના પાછળના ભાગે ઊભો છે. તેના ચહેરા પર પણ સતત સ્મિત જોઈ શકાય છે. અત્યાર સુધી અનેક લોકોએ પોતાના એકાઉન્ટ પરથી આ વીડિયો શેર કર્યો છે. લાખો લોકો આ વીડિયો જોઈ ચૂક્યા છે. લોકો તેને ખૂબ પસંદ કરી રહ્યા છે અને વિવિધ પ્રકારની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. જોકે, આ વીડિયો દ્વહૈં એજન્સીએ પોસ્ટ કર્યો છે. ઘણા લોકોએ બાળકીને ક્યૂટ પણ કહ્યું છે. કેટલાક યૂઝર્સ તો આંજન્યાને ભારતીય કહી રહ્યા છે. એક યૂઝરે તો લખ્યું કે જ્યારે બાળકી ગરમીની વાત કરે છે ત્યારે હું પણ એ વાત સાથે સહમત છું. એક યૂઝરે તો મજાકમાં શશિ થરૂરને પણ ટેગ કરી દીધા છે.

### ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ એક મોટો સંકેત આપ્યો

## પહેલી એપ્રિલથી હવાઈ મુસાફરી મોંઘી થઈ શકે છે

### સરકારે સંકેત આપ્યો છે કે ૧ એપ્રિલથી એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) ના ભાવમાં વધારો શક્ય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને ભૂ-રાજકીય અસ્થિરતાની અસર હવે ભારતીય એરલાઈન્સ પર પડી રહી છે. સરકારે સંકેત આપ્યો છે કે ૧ એપ્રિલથી એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) ના ભાવમાં વધારો શક્ય છે. જોકે, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે મુસાફરો પર તાત્કાલિક બોજ નહીં પડે અને આનો ઉકેલ લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે, ATF ના ભાવ દર મહિનાની પહેલી તારીખે નક્કી થાય છે, અને તેથી, સંભવિત અસર ૧ એપ્રિલથી જ અનુભવાઈ શકે છે. તેમણે જણાવ્યું હતું કે આ મુદ્દા પર એરલાઈન્સ સાથે ચર્ચા ચાલુ છે. નાયડુએ સ્વીકાર્યું કે એરલાઈન્સ નાણાકીય દબાણ હેઠળ છે, પરંતુ સરકારની પ્રાથમિકતા સલામત અને નિયમિત કામગીરી સુનિશ્ચિત કરવાની છે. ઈરાન યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલના પુરવઠામાં વિક્ષેપ અને ગલ્ફ દેશોમાં ફ્લાઈટ્સ સ્થગિત થવાને કારણે વીમા ખર્ચમાં વધારો થયો છે અને ઓપરેશનલ ખર્ચમાં વધારો થવાનું જોખમ છે. જો તેલના ભાવ વધે છે, તો આ સીધી રીતે ATF ના ભાવમાં વધારો થશે. જોકે, સરકારે સ્પષ્ટતા કરી છે કે તેમની પ્રાથમિકતા એ સુનિશ્ચિત કરવાની છે કે મુસાફરોને તાત્કાલિક ઊંચા ભાડાનો સામનો ન કરવો પડે.

મંત્રી નાયડુએ જણાવ્યું હતું કે, વર્તમાન પરિસ્થિતિઓમાં, તેલ અને ATF ના ભાવમાં વધારો લગભગ નિશ્ચિત છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ,મંત્રાલયનું ધ્યાન એ સુનિશ્ચિત કરવા પર રહેશે કે આનાથી ટિકિટના ભાવમાં તીવ્ર વધારો ન થાય. સરકાર મુસાફરોના હિતમાં તમામ શક્ય પગલાં લેશે.

મંત્રી નાયડુએ જણાવ્યું હતું કે, વર્તમાન પરિસ્થિતિઓમાં, તેલ અને ATF ના ભાવમાં વધારો લગભગ નિશ્ચિત છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે મંત્રાલયનું ધ્યાન એ સુનિશ્ચિત કરવા પર રહેશે કે આનાથી ટિકિટના ભાવમાં તીવ્ર વધારો ન થાય. સરકાર પ્રવાસીઓના હિતમાં તમામ શક્ય પગલાં લેશે.

વધેલા ખર્ચને સરભર કરવા માટે, સ્થાનિક એરલાઈન્સે પહેલાથી જ ઈંધણ સરચાર્જ લાગુ કરી દીધો છે. એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એકસપ્રેસે સ્થાનિક ટિકિટ પર રૂ.૩૯૯ નો ઈંધણ સરચાર્જ લાદ્યો છે, જ્યારે આંતરરાષ્ટ્રીય રૂટ પર, તે $10 થી $200 (આશરે ૧૬,૦૦૦) સુધીનો છે. ઈન્ડિગોએ અંતરના આધારે રૂ.૪૨૫ થી રૂ.૨,૩૦૦ સુધીનો સરચાર્જ લાદ્યો છે. બજેટ એરલાઈન અકાસા એરએ ફ્લાઈટના સમયગાળાના આધારે રૂ.૧૯૯ થી રૂ.૧,૩૦૦ સુધીનો ઈંધણ સરચાર્જ લાદ્યો છે.

### ચણા માટે ૧૬૫ અને રાયડા માટે ૬૦ ખરીદ કેન્દ્રો કાર્યરત કરાશે; કુલ ૨.૯૬ લાખથી વધુ ખેડૂતોને થશે લાભ

## ગુજરાતમાં તા. ૨૩ માર્ચથી ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ થશે: કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

ગુજરાતના ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે રાજ્ય સરકાર દ્વારા તા. ૨૩ માર્ચ, ૨૦૨૬ થી રાજ્યભરમાં ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખરીદી માટેનું તમામ આગોતરું આયોજન પૂર્ણ કરી લેવામાં આવ્યું છે, તેમ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, રાજ્યભરમાં ખેડૂતોની સુવિધા માટે પૂરતા પ્રમાણમાં ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. ખેડૂતોએ કરાવેલી નોંધણી, વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને લઈને ચણાની ખરીદી માટે ૧૬૫ તથા રાયડાની ખરીદી માટે ૬૦ ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવશે.

ચણા અને રાયડાના ટેકાના ભાવે વેચાણ માટે ચાલુ વર્ષે પુષ્કળ સંખ્યામાં ખેડૂતોએ નોંધણી કરાવી છે. ચણા માટે ૨.૫૯ લાખથી વધુ તેમજ રાયડા માટે ૩૭,૦૦૦થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી પૂરતી માત્રામાં જથ્થાની ખરીદી કરવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

ખરીદી પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા અને ખેડૂતોને હાલાકી ન પડે તે માટે આ વર્ષે કેટલાક મહત્વપૂર્ણ પગલાં લેવાયા છે. નોંધણી કરાવેલ સાચા ખેડૂત પાસેથી જ ખરીદી થાય તે સુનિશ્ચિત કરવા માટે સૌપ્રથમવાર આધાર ઈનેબલ્ડ બાયોમેટ્રીક અથવા ફેસ ઓથેન્ટીકેશન પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે. જો કોઈ ખેડૂત અનિવાર્ય સંજોગોમાં કેન્દ્ર પર હાજર ન રહી શકે, તો તેમના દ્વારા નિયુક્ત કરવામાં આવેલ નોમીની પણ વેચાણ પ્રક્રિયા પૂર્ણ કરી શકશે. ખેડૂતોને ભીડભાડથી બચાવવા અને વ્યવસ્થા જાળવવા માટે ખરીદ કેન્દ્રો દ્વારા SMS મારફતે અગાઉથી જાણ કરવામાં આવશે. ખેડૂતોએ તેમને મળેલા મેસેજ મુજબના નિયત સમયે અને તારીખે પોતાનો પાક લઈને કેન્દ્ર પર ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી છે.

# ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી રમેશ મેરજા દ્વારા નર્મદા પરિક્રમા સુવિધાઓનું સઘન નિરીક્ષણ

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી' મંત્રને ચરિતાર્થ કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ધાર્મિક પરંપરાઓના સંરક્ષણ સાથે આધુનિક સુવિધાઓનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.



પવિત્ર ભૂમિ પર ગત ૧૯ માર્ચ (ફાગણ વદ અમાસ)થી પ્રારંભ થયેલી અને ૧૭ એપ્રિલ (ચૈત્ર વદ અમાસ) સુધી ચાલનારી ૩૦-દિવસીય 'ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા' લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું પ્રતીક છે. આ પરિક્રમા દરમિયાન યાત્રિકોને કોઈ અગવડ ન પડે તે માટે માન. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને માન. રા.ક.મંત્રી શ્રી જયરામભાઈ ગામીતના માર્ગદર્શન હેઠળ બોર્ડ દ્વારા ઊભી કરાયેલી વ્યવસ્થાઓની ગુણવત્તા તપાસવા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી રમેશ મેરજાએ શુક્રવાર ૨૦ માર્ચ, ૨૦૨૬ના રોજ પરિક્રમા રૂટ અને વિવિધ ઘાટની રૂબરૂ મુલાકાત લઈ સમિક્ષા કરી હતી.

**રામપુરા ઘાટની મુલાકાત, આત્મીય સંવાદ અને સુરક્ષાની સમીક્ષા:**

સચિવ શ્રી રમેશ મેરજાએ રામપુરા ઘાટ ખાતે પહોંચીને સૌથી પહેલાં શ્રદ્ધાળુઓ માટે તૈયાર કરવામાં આવેલી જેટી અને બોટિંગ વ્યવસ્થાની સમિક્ષા કરી હતી. તેમણે ખાસ કરીને લાઈફ જેકેટના ઉપયોગ અને સલામતીના નિયમોના ચુસ્ત પાલન પર ભાર મૂક્યો હતો. યાત્રિકો માટે પીવાનું પાણી, સ્નાન માટેના ઘાટ, મહિલાઓ માટે અલાયદા ચેન્જિંગ રૂમ, લાઈટિંગ અને આરોગ્ય કેન્દ્રોની સુવિધા તેમણે પ્રત્યક્ષ નિહાળી હતી. સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે કાર્યરત સીસીટીવી (CCTV) કંટ્રોલ રૂમની પણ તેમણે મુલાકાત લીધી હતી.

પરિક્રમાના રૂટ પર પદયાત્રા દરમિયાન સચિવશ્રીએ શ્રદ્ધાળુઓ સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો અને સુવિધાઓ અંગે તેમનો પ્રતિભાવ મેળવ્યો હતો. યાત્રા માર્ગ પર તેમણે મિશન મંગલમની બહેનો દ્વારા ચલાવવામાં આવતા સ્ટોલની મુલાકાત લઈ તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત, શ્રી મેરજાએ મા નર્મદાના દર્શન અને આરતીમાં ભાગ લઈ ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. તેમણે સેવાભાવી સંસ્થાઓ અને આશ્રમો દ્વારા આપવામાં આવતા ભોજન-વિશ્રામની વ્યવસ્થાઓની પ્રશંસા કરી હતી. બોર્ડ દ્વારા કરવામાં આવેલા સુઆયોજિત પાર્કિંગ અને વિશ્રામ સ્થળોની સગવડથી યાત્રિકોને પડતી સરળતા જોઈ સચિવશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

**ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ઊભી કરાયેલી માળખાકીય સુવિધાઓ:**

બોર્ડ દ્વારા યાત્રાળુઓ માટે વિશાળ વોટરપ્રૂફ ડોમ શેલ્ટરમાં ખાટલા, ગાદલા, ઓશીકા અને આરામની બેઠક વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત મેડિકલ યુનિટ, ૨૪x૭ એમ્બ્યુલન્સ, ક્લોક રૂમ અને સ્વચ્છતા માટેની સઘન સવલતો ઉપલબ્ધ કરાવાઈ છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની આ તડામાર તૈયારીઓ, સઘન માળખાકીય સુવિધાઓ અને સતત મોનિટરિંગના પરિણામે પરિક્રમા કરી રહેલા લાખો શ્રદ્ધાળુઓ શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે પોતાનો આધ્યાત્મિક પ્રવાસ પૂર્ણ કરી રહ્યા છે.

### પતિની વિકૃત માનસિકતા સામે આવી

# કંટાળીને પરિણીતાનો નદીમાં કૂદવાનો પ્રયાસ, અભયમની ટીમે ઉગારી

**છેલ્લા કેટલાક સમયથી પતિની માનસિકતામાં વિકૃતિ આવતા તેણે પત્ની પાસે અઘટીત માંગણીઓ કરવાનું શરૂ કર્યું હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં પતિ-પત્નીના પવિત્ર સંબંધોને લાંછન લગાડતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં એક ઉચ્ચ શિક્ષિત પરિણીતા તેના પતિની વિકૃત માંગણીઓ અને માનસિક ટોર્ચરથી કંટાળીને જીવન ટૂંકાવવા રિવરફ્રન્ટ પહોંચી હતી. જો કે, ૧૮૧ અભયમ હેલ્પલાઈનની સમયસૂચકતા અને કાઉન્સિલિંગ થકી અભયમની ટીમે મહિલાને ઉગારી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, પીડિત મહિલા ઉચ્ચ અભ્યાસ કરેલી છે અને ૧૦ વર્ષ પહેલા તેણે પ્રેમ લગ્ન કર્યા હતા. લગ્નના ૫ વર્ષ સુધી સંતાન સુખ ન મળતા દંપતીએ મેડિકલ તપાસ કરાવી હતી, જેમાં પતિ પિતા બનવા માટે સક્ષમ ન હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ ડોક્ટરની ગાઈડલાઈન મુજબ બેબી પ્લાનિંગ કરી હાલ તેમને પાંચ વર્ષનો દીકરો છે. જો કે, છેલ્લા કેટલાક સમયથી પતિની માનસિકતામાં વિકૃતિ આવતા તેણે પત્ની પાસે અઘટીત માંગણીઓ કરવાનું શરૂ કર્યું હતુ.

મહિલાના જણાવ્યા અનુસાર, થોડા સમય પહેલા જ્યારે તેઓ બહાર ફરવા ગયા હતા, ત્યારે પતિએ તેના મિત્ર સાથે શારીરિક સંબંધ બાંધવા પત્ની પર દબાણ કર્યું હતું. પતિની વિકૃતિ એટલી હદ વટાવી ગઈ હતી કે તે પોતાની પત્નીને અન્ય વ્યક્તિ સાથે સંબંધ બાંધતા જોઈને ખુશી અનુભવવા માંગતો હતો. આ દરમિયાન મહિલાએ મજબૂરીમાં ત્રણ વખત સંબંધ બાંધ્યા હતા. એટલું જ નહીં ઘરે આવ્યા બાદ પણ પતિ એવી ઈચ્છા રાખતો કે પત્ની તેની સામે એવું વર્ણન કરે કે ટ્રાવેલિંગ દરમિયાન કોઈએ તેની સાથે છેડછાડ કરી શારીરિક સંબંધ બાંધ્યો હોય.

પતિ અવારનવાર કુત્રિમ સાધનોનો ઉપયોગ કરી પત્નીને હેરાન કરતો હતો.

પતિના ત્રાસથી કંટાળી મહિલા જ્યારે સાબરમતી રિવરફ્રન્ટ પર આત્મહત્યા કરવા ગઈ, ત્યારે તેના જીમ ટીચરનો ફોન આવ્યો હતો. જીમ ટીચરે તેને ઈમોશનલ સપોર્ટ આપી પરત બોલાવી હતી. જીમ ટીચરના પણ છૂટાછેડા થયા હોવાથી બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. જો કે, બાદમાં આ મિત્ર (જીમ ટીચર) પણ મહિલાને મેન્ટલી ટોર્ચર કરવા લાગ્યો હતો અને જૂની ઘટનાઓ યાદ અપાવી હેરાન કરતો હતો. મહિલાને સમજાયું કે તે એક મુસીબતમાંથી નીકળી બીજી મુસીબતમાં ફસાઈ ગઈ છે.

જ્યારે મહિલાએ આ મિત્રથી છૂટકારો મેળવવા ૧૮૧ અભયમની મદદ લીધી, ત્યારે તે મિત્રએ બંનેના અંગત ફોટા સોશિયલ મીડિયા પર વાઈરલ કરી દીધા હતા. અભયમની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી કાયદાકીય પગલાં ભરતા તે વ્યક્તિએ તમામ ફોટા ડિલીટ કરી દીધા હતા અને ભવિષ્યમાં હેરાન ન કરવાની લેખિત બાહેધરી આપી હતી.

અભયમની ટીમે સમગ્ર મામલાની ગંભીરતા જોઈ મહિલાના પતિને પણ સમજાવવા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. નિષ્ણાતોના મતે પતિની આ પ્રકારની વર્તણૂક ગંભીર માનસિક બીમારીના લક્ષણો હોઈ શકે છે, તેથી તેનું સાયકિયાટ્રિક કાઉન્સિલિંગ કરાવવું ખૂબ જ જરૂરી હોવાનું જણાવી મહિલાને આગળની કાર્યવાહી માટે સલાહ આપવામાં આવી છે.

### માતા અને પાસ નેતાએ જણાવી વેદના

# લસુંદ્રા ગામની ભાગીને લગ્ન કરનાર પાટીદાર દીકરીની થઈ હત્યા?

**પાટીદાર દીકરી અંગે પાસ આગેવાનેજણાવ્યું છે કે, દીકરી સાથે ખૂબ મોટી છેતરપિંડી થઈ હોવાની આશંકા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)ખેડા

ખેડાના લસુંદ્રા ગામની પાટીદાર દીકરીના અન્ય સમાજના છોકરા સાથે લગ્નના વિવાદમાં નવો જ ઘટસ્ફોટ થયો છે. પાટીદાર નેતા અને માતાએ લગ્ન બાદ દીકરીની હત્યા થઈ હોવાની આશંકા વ્યક્ત કરી છે. દીકરીની માતાએ પોલીસને આ અંગેની ફરિયાદ કરી છે. દીકરીને ભગાડવામાં સંડોવાયેલા રણછોડ ભુવાજી નામની વ્યક્તિ અને તેના પરિવારે લગ્ન છૂટું કરવા માટે ૨૫ લાખની માંગણી કરી હતી. આ માંગણી દીકરીના પરિવારે ન સ્વીકારતા હત્યા થઈ હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. દીકરીની શોધખોળ માટે પોલીસ સ્ટેશનમાં માતા સાથે પાસના સામાજિક આગેવાનોએ રજૂઆત કરી છે. આ કેસમાં એવું પણ સામે આવ્યું છે કે, પાટીદાર દીકરી તેની સાથે ૧૭ તોલા સોનું અને બે લાખ કરતાં વધારે રકમ પણ લઈ ગઈ છે. આ મામલે દીકરીની માતા સાથે પાસના આગેવાનો

પાસ આગેવાન દિનેશ બાંભણિયાએ આ અંગે જણાવ્યું છે કે, "દીકરી સાથે ખૂબ મોટી છેતરપિંડી થઈ હોવાની આશંકા છે. દીકરી ૧૮ વર્ષની છે અને તેની સામે ભગાડનારની ઉંમર ૩૨ વર્ષ છે. દીકરી ભાગ્યા પછી અમારી સામે લાવવામાં આવી નથી. અમે આ દીકરીની તપાસ કરતાં કરતાં ધનસુરામાં રણછોડભાઈ ભુવાજી જે પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ છે તેમને મળ્યા હતા. ત્યારે તેમને સ્વીકાર્યું હતું કે, જે દીકરો દીકરીને ભગાડી ગયો છે તેની બહેનનું સગપણ મારા દીકરા સાથે થયું છે. એટલે જ્યાં સુધી મોટા ભાઈનું લગ્ન ન થાય ત્યાં સુધી બહેનનું લગ્ન પણ ન થાય. તે માટે આ પગલું ભરાયું છે. આ અંગે અમે અને તેમના સમાજના આગેવાનોએ તેમની સાથે વાત કરી હતી. ત્યારે તેમણે બે દિવસનો સમય માંગ્યો. જે બાદ રણછોડ ભુવાજીના ઘરે જઈને તેમને મળ્યા અને તે બાદથી તેમનો પણ પત્તો લાગતો નથી. દીકરી સાથે અઘટિત ઘટના બની હોવાનું અમને લાગે છે. મોડાસાના કઠલાલ પોલીસ સ્ટેશને જ્યારે આ દીકરીને લાવવામાં આવી ત્યારે પોલીસ આવી ત્યાં તો આ લોકો ફરાર થઈ ગયા હતા. અમે દીકરીને જોઈ જ નથી." દીકરીના માતા અને આંટી જ્યારે રણછોડ ભુવાજીના ઘરે ગયા તો ત્યાં એના ભાઈએ એવું કહ્યું કે, છૂટું કરવું હોય તો ૨૫ લાખ આપવા પડશે. આ અમારા સમાજનો રિવાજ છે. જો તમે રૂપિયા નહીં આપો તો તમે તમારી દીકરીના અંશો પણ ભૂલી જજો. આ સાંભળતા જ અમે કઠલાલ અને ખેડા પોલીસ સ્ટેશનમાં આ અંગેની જાણ કરી છે. આ દીકરીની હત્યા થઈ હોય તેવી અમને આશંકા છે. ૧૫ દિવસમાં ક્યારેય દીકરી કોઈની સામે આવી નથી.

દીકરીની માતાએ આ અંગે જણાવ્યું કે, મારી દીકરી કોલેજથી બસમાં બેસે ત્યારે મને ફોન કરે, પરંતુ તે દિવસે તેનો ફોન ન આવ્યો તો મેં ચિંતામાં સામેથી ફોન કર્યો હતો. ત્યારે તેનો ફોન બંધ હતો. દીકરી સાથે કાંઈક અઘટિત બની ગયું છે તેવી આશંકા છે. દીકરી સાથે જોરજબરદસ્તીથી લગ્ન કરાયા છે.

પિયુષ ડમ્પરનો ડ્રાઈવર છે જે માત્ર ૭ ચોપડી જ પાસ છે. પિયુષના પરિવાર સાથે મુલાકાત કરી એટલે તેઓએ છૂટાછેડા માટે ૨૫ લાખ માંગ્યા હતા. દીકરી ગઈ પછી મેં એને જોઈ જ નથી. મારી દીકરી આવું ન કરી શકે તેને જબરદસ્તીથી આવું કરાયું હોવું જોઈએ.

### કલ્પસર યોજના હજી પણ કલ્પનામાં છે

# ગુજરાતના વિધાનસભાના સત્ર દરમિયાન કલ્પસર યોજના વિશે ચર્ચા

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

હાલમાં ચાલી રહેલા ગુજરાતના વિધાનસભાના સત્ર દરમિયાન કલ્પસર યોજના વિશે ભારે ચર્ચા થઈ. કારણ કે, ૧૮ વર્ષના વહાણ વીતી ગયા, પરંતુ કલ્પસર યોજના સરકારી કાગળોમાંથી ક્યારેય બહાર આવી નથી. છતાં દર વર્ષે આ યોજના પાછળ કરોડો રૂપિયાનું બજેટ ફાળવાય છે, અને ખર્ચ પણ કરાય છે. સરકારે જાહેર કરેલી કલ્પસર યોજના હજુ પણ કલ્પનાઓમાં છે તેવું ખુદ સરકાર સ્વીકારે છે. ૨૦૦૩ માં અપાયેલી વહીવટી મંજૂરીના ૨૩ વર્ષ બાદ પણ કલ્પસર યોજના ખોરંભે ચઢી છે. ૧૮ વર્ષમાં ૬ મુખ્યમંત્રી બદલાયા. ડઝનેક જેટલા ચીફ સેક્રેટરી નિવૃત્ત થયા, પરંતુ કલ્પસર યોજનાને પગ ન આવ્યા. પરંતુ ૧૮ વર્ષમાં આ યોજના કરોડો રૂપિયા ખાઈ ગઈ છે. સરકારી આંકડા જ કહે છે કે, જે યોજનાનો ખર્ચ ૨૫ હજાર કરોડ હતો, તેને બદલે હવે તે ૧ લાખ કરોડ પર પહોંચી જશે. ગુજરાતમાં જળક્રાંતિ લાવવા માટે કલ્પસર યોજના લાવવામાં આવી હતી. આ યોજના સરદાર સરોવર નર્મદા યોજના બાદની ગુજરાતની સૌથી મોટી યોજના છે. જેમાં સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના લાખો લોકોને પીવાનું તથા સિંચાઈનું પાણી પહોંચાડવાનું આયોજન છે. પરંતુ આ યોજના હજી પણ સરકારી ચોપડે છે, તે વાસ્તવિકતા બની નથી. ૧૮ વર્ષમાં તેનો પ્રોજેક્ટ રિપોર્ટ પણ તૈયાર થયો નથી, છતાં દર વર્ષે તેના માટે સરકાર બજેટમાં રૂપિયા ફાળવે છે. કોંગ્રેસના MLA અમિત ચાવડાના પ્રશ્નમાં સરકારે લેખિતમાં જવાબ આપ્યો કે, છેલ્લા ૨ વર્ષમાં યોજના માટે ૮ સર્વે રિપોર્ટ પાછળ સરકારે ૨.૨૬૮ કરોડનો ખર્ચ કર્યો હતો. ૨૨.૧.૨૦૦૩ ના રોજ પૂર્ણ શક્યતદર્શી અહેવાલ તૈયાર કરવા નિર્ણય લેવાયો હતો. વર્ષ ૨૦૦૨ માં સરકારે આ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. તે સમયે તેનો અંદાજિત ખર્ચ ૨૫૦૦૦ કરોડ આંકવામાં આવ્યો હતો. પરંતુ હવે તો આ યોજનાનું આયુષ્ય ૧૮ વર્ષ થઈ ગયું છે. તેથી આ પ્રોજેક્ટનો ખર્ચ વધીને અંદાજે ૧ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે. માત્ર તેના રિપોર્ટ તૈયાર કરવા પાછળ જ ૨૫૦ કરોડથી વધુનો ધુમાડો થઈ ચૂક્યો છે. હવે એ વાત કરીએ કે આ યોજના ગુજરાત માટે કેટલી જરૂરી છે. અને શા માટે સરકાર આ યોજના પાછળ કરોડો રૂપિયાનું એંધાણ કરે છે. હકીકતમાં આ યોજના સાકાર થશે તો સૌરાષ્ટ્રના છેવાડના માનવીઓ સુધી બારેમાસ પીવાનું પાણી મળશે. આ યોજનાનો મુખ્ય હેતુ દરિયામાં વહી જતા મીઠા પાણીને રોકવાનું છે. આ યોજનાનો હેતુ ખંભાતના અખાતમાં વહી જતી રાજ્યની સાતથી વધુ નદીઓના મીઠા પાણીને રોકીને ત્યાં એક વિશાળ મીઠા પાણીનું સરોવર અને ડેમ બનાવવાનો છે. આ પાણી સૌરાષ્ટ્રને મોકલવામાં આવશે. આ ઉપરાંત, પ્રોજેક્ટ અંતર્ગત ખંભાતના અખાત પર ૩૦ કિલોમીટર લાંબો હાઈવે બનાવવાનું પણ આયોજન છે, જે ભરૂચના દહેજ અને ભાવનગરના ઘોઘા વચ્ચેનું અંતર ઘટાડી દેશે. જ્યારે જ્યારે વિધાનસભા ગૃહમાં કલ્પસર યોજનાની વાત નીકળે છે ત્યારે સરકાર હંમેશા એમ કહીને વાત ટાળી દે છે કે, DPR બનાવવાની કામગીરી અંતિમ તબક્કામાં છે. સરકાર હંમેશા ટેકનિકલ અવરોધ અને દરિયાઈ ભરતી-ઓટના રિસર્ચનું રટણ કર્યા કરે છે.

હવે લગભગ આ યોજનાના પ્લાનિંગને ૧૮ વર્ષ થઈ ગયા છે, તેથી ગુજરાતની જનતાએ આ યોજનાની આશા છોડી દેવી જોઈએ. આ પ્રોજેક્ટને ક્યારે પગ આવશે તેવો પ્રશ્નો પણ પૂછવાના અર્થહીન છે. કારણ કે, સરકાર પાસે તેનો કોઈ ચોકક્સ જવાબ નથી. ન તો સરકાર આ પ્રોજેક્ટ ક્યારે આકાર લેશે તે અંગે મગનું નામ મરી પાડે છે. પરંતુ એક વાત ચોક્કસ છે, આ યોજના માટે સરકાર હજી પણ કરોડો રૂપિયા ફાળવી રહી છે, અને આ યોજનાને કારણે સરકારી તિજોરી પર ભાર પડી રહ્યો છે.

### અમદાવાદના કૃષ્ણનગરની ઘટના

# સાવકા પિતાએ ૬ વર્ષની માસૂમ દીકરીને પીંખવાનો પ્રયાસ કર્યો

**TCS માં નોકરી કરતા વિકૃત પિતાની કૃષ્ણનગર પોલીસે કરી ધરપકડ; માતાની સમયસૂચકતાથી બાળકી બચી ગઈ**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાંથી લોહીના સંબંધોને લજવતો અને હચમચાવી મૂકે એવો એક કિસ્સો સામે આવ્યો છે. અહીં એક વિકૃત માનસિકતા ધરાવતા સાવકા પિતાએ પોતાની જ ૬ વર્ષ અને ૧૦ મહિનાની માસૂમ દીકરી પર દુષ્કર્મ આચરવાનો પ્રયાસ કર્યો હતો. સદનસીબે, બાળકીની માતાએ સમયસર પહોંચી જઈને પોતાની દીકરીને આ નરાધમની ચુંગાલમાંથી બચાવી લીધી હતી. આ મામલે માતાએ હિંમત દાખવીને પોલીસમાં ફરિયાદ નોંધાવતા, કૃષ્ણનગર પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી પિતાની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, આ ઘટના બની ત્યારે રાતનો સમય હતો. જમી પરવારીને બાળકીની માતા બેડરૂમની બહાર કપડાં સૂકવી રહી હતી. આ જ તકનો લાભ લઈને ઘરમાં રહેલા સાવકા પિતાની દાનત બગડી અને તેણે ૬ વર્ષની માસૂમ બાળકીને પોતાની હવસનો શિકાર બનાવવાનો પ્રયાસ કર્યો. આરોપીએ જેવી બાળકી સાથે અડપલાં કરવાની શરૂઆત કરી કે તરત જ ગભરાયેલી દીકરીએ જોરથી ચીસાચીસ કરી મૂકી.

બાળકીની બૂમો સાંભળીને માતા તરત જ દોડીને બેડરૂમમાં પહોંચી ગઈ. ત્યાં તેણે જોયું તો આરોપી અને માસૂમ બાળકી વાંધાજનક સ્થિતિમાં હતા. પોતાની દીકરીને આ હાલતમાં જોઈને માતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જોકે, તેણે સહેજ પણ ડર્યા વગર તાત્કાલિક પોતાની દીકરીને આરોપીના હાથમાંથી આંચકી લીધી અને તેને બચાવી લીધી. આ પછી તરત જ તેણે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન દોડી જઈને ફરિયાદ નોંધાવી હતી. આ પરિવારની વાત કરીએ તો, ભોગ બનનાર બાળકીની માતાના પહેલા લગ્ન વર્ષ ૨૦૧૯ માં થયા હતા અને વર્ષ ૨૦૨૦ માં છૂટાછેડા થયા હતા. આ માસૂમ દીકરી એ પહેલા પતિની જ સંતાન છે. ત્યારબાદ ૨૮-૦૮-૨૦૨૧ ના રોજ મહિલાએ આ આરોપી સાથે બીજા લગ્ન કર્યા હતા, જેનાથી તેમને એક દીકરો પણ છે.

આશ્ચર્યની વાત એ છે કે, આ જઘન્ય અપરાધ કરનાર આરોપી કોઈ અભણ કે અશિક્ષિત નથી. તેણે ધોરણ ૧૦ પછી મિકેનિકલ ડિપ્લોમા કર્યું છે અને હાલ તે ગાંધીનગર સ્થિત જાણીતી આઈટી કંપની ટીસીએસ (TCS) માં નોકરી કરે છે. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે અને તેની સઘન પૂછપરછ શરૂ કરી છે. ભણેલો-ગણેલો અને સારી જગ્યાએ નોકરી કરતો માણસ ૬ વર્ષની માસૂમ સાથે આવું કૃત્ય કઈ રીતે કરી શકે, તે તેની વિકૃત માનસિકતા પર મોટો સવાલ ઊભો કરે છે. પોલીસના જણાવ્યા અનુસાર, અગાઉ તેણે આવું કોઈ કૃત્ય કર્યું હોય તેવો કોઈ ગુનાહિત ઈતિહાસ અત્યાર સુધી સામે આવ્યો નથી, પરંતુ પોલીસ આ દિશામાં ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

# આગામી બે દિવસમાં ૨-૩ ડિગ્રી વધશે તાપમાન

**સાત દિવસ બાદ વાતાવરણમાં ફરી પલટો આવશે: હાલમાં કેશોદ ૩૫ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજ્યમાં હવે ધીમે-ધીમે ગરમી વધી રહી છે. ત્યારે હવામાન વિભાગે આજથી તાપમાનમાં વધારો થવાની આગાહી કરી છે. અમદાવાદમાં ગત રોજ લઘુતમ તાપમાન ૩૪.૨ ડિગ્રી નોંધાયું હતું, જે આજે(૨૨ માર્ચ) વધીને ૩૬ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. આગામી બે દિવસમાં રાજ્યના વિવિધ ભાગોમાં તાપમાનમાં હજુ પણ ૨થી ૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં કેશોદ ૩૫ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે.

હવામાન વિભાગ અમદાવાદના વૈજ્ઞાનિકના જણાવ્યા મુજબ, હવામાનમાં ફેરફાર પાછળ પશ્ચિમ રાજસ્થાનમાં સક્રિય થયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન મુખ્ય કારણ માનવામાં આવે છે. જો કે, ગરમીના આ વધારા વચ્ચે રાહતના સમાચાર એ છે કે એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ સક્રિય થઈ રહ્યું છે. આ સિસ્ટમને કારણે આગામી સાત દિવસ બાદ રાજ્યનરા વાતાવરણમાં ફરી પલટો આવવાની અને ગરમીથી થોડી રાહત મળવાની શક્યતા છે. હાલ પૂરતું નાગરિકોએ વધતા જતા તાપમાન અને સીધા તડકાથી બચવા માટે સાવચેતી રાખવી જરૂરી બનશે.

મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થયો છે અને આગામી ૨૪ કલાકમાં વધુ ૨થી ૩ ડિગ્રી તાપમાન વધવાની શક્યતા છે. લઘુતમ તાપમાન પણ હાલમાં સામાન્ય કરતાં ૧થી ૨ ડિગ્રી જેટલું ઊંચું છે અને આગામી ૨૪ કલાકમાં તેમાં પણ ૨ ડિગ્રીની આસપાસ વધારો થવાની અપેક્ષા છે, ત્યારબાદ તે સ્થિર રહેશે. વેધર સિસ્ટમની વાત કરીએ તો, પશ્ચિમ રાજસ્થાન પર એક ચક્રવાતી પરિભ્રમણ છે અને નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ સક્રિય છે. પરંતુ ગુજરાત પર તેની કોઈ વિશેષ અસર નથી. એટલે આગામી ૭ દિવસ સુધી ગુજરાતમાં વાતાવરણ સૂકું રહેવાની શક્યતા છે.

જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવનની શક્યતા દેખાતી નથી. ગઈકાલના તાપમાન મુજબ, કેશોદમાં મહત્તમ તાપમાન ૩૫.૨ અને ડીસા તથા વી.વી. નગરમાં લઘુતમ તાપમાન ૧૯ ડિગ્રી નોંધાયું હતું. આજે(૨૨ માર્ચ) અમદાવાદમાં તાપમાન ૩૬ અને ગાંધીનગરમાં ૩૫ ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવના છે.

# સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જનાર આરોપી સિદ્ધપુરથી ઝડપાયો: પોલીસે સગીરાને મુક્ત કરાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના માધવપુરામાં પોલીસ ચોપડે ગત નવેમ્બર ૨૦૨૫માં નોંધાયેલા પોક્સોના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો છે. પોલીસે મળેલી બાતમીને આધારે સતત ત્રણ દિવસ સુધી વોચ ગોઠવી સિદ્ધપુરના મેત્રાણા ગામના ખેતરોમાં છુપાયેલા ૨૧ વર્ષીય આરોપીને દબોચી લીધો હતો. આ સાથે જ ભોગ બનનારને છોડાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટના અંગે મળતી માહિતી મુજબ, ગત ૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ અમદાવાદના માધવપુરામાં ઘરકામ માટે ગયેલી સગીરાને ૨૧ વર્ષીય યુવક ભગાડી ગયો હતો. સગીરાના પિતાનું અવસાન થયેલું હોવાથી તે તેના કાકી સાથે રહીને ઘરકામમાં મદદ કરતી હતી. આ ઘટનાના દિવસે બપોરના સમયે સગીરા કામના સ્થળેથી અચાનક ગુમ થઈ હતી. ત્યારબાદ પરિવારને જાણવા મળ્યું હતું કે, સાબરમતી વિસ્તારમાં રહેતો ૨૧ વર્ષીય યુવક સગીરાને લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવીને ભગાડી ગયો છે. સમગ્ર મામલે સગીરાના કાકીએ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, આરોપી યુવકે વોટ્સએપ મેસેજ દ્વારા સગીરા તેની સાથે હોવાની જાણ કરી હતી. પરંતુ ત્યારથી આરોપીનું ઘર બંધ અને તેનો મોબાઈલ ફોન પણ સ્વીચઓફ હતો. આ પછી પોલીસે ચાર મહિના સુધી સતત આ અંગે તપાસ કરી હતી. અંતે ટેક્નિકલ રીતે અને હ્યુમન સોર્સ દ્વારા જાણવા મળ્યું હતું કે, આરોપી સગીરા સાથે સિદ્ધપુરના મેત્રાણા ગામમાં છુપાયેલો છે. જે બાદ પોલીસે ત્રણ દિવસ સુધી ત્યાં વોચ રાખીને આરોપીને ઝડપી લીધો હતો અને સગીરાને છોડાવી હતી.

# આજે રાહુલ ગાંધી અને ૨૪ માર્ચથી કેજરીવાલ-માન ગુજરાતના પ્રવાસે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ભણકારા વાગી રહ્યા છે. બીજી તરફ ઉમરેઠ બેઠક પર પેટા ચૂંટણીની જાહેરાત ચૂકી છે ત્યારે કેન્દ્રીય નેતાઓના ગુજરાતમાં આંટાફેરા વધી ગયા છે.

ભાજપ, કોંગ્રેસ અને આપના મોટા ગજાના નેતાઓ ગુજરાતની સ્થાનિક ચૂંટણી જીતવા સતત રાજ્યનો પ્રવાસ ખેડી રહ્યા છે ત્યારે આવતીકાલે ૨૩ માર્ચે રાહુલ ગાંધી વડોદરાની મુલાકાતે છે, તો ૨૪ થી ૨૭ માર્ચ દરમિયાન AAPના સંયોજક કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ગુજરાત પ્રવાસ ખેડશે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલાં કેજરીવાલ અને ભગવંત માનનો આ ગુજરાત પ્રવાસ આમ આદમી પાર્ટી માટે ખૂબ મહત્ત્વનો છે. ૨૪ થી ૨૭ માર્ચ દરમિયાન બંને નેતાઓ ખાસ કરીને સૌરાષ્ટ્ર પર ધ્યાન કેન્દ્રિત કરવાના છે. ૨૪ તારીખે સાંજે રાજકોટમાં તેમનું આગમન થશે. ૨૫ તારીખે રાજકોટ ખાતે પ્રદેશ નેતૃત્વ બેઠક કરી સ્થાનિક સ્વરાજની ચૂંટણી અને ઉમરેઠની પેટા ચૂંટણી અંગે ચર્ચા તેમજ આગામી વ્યૂહનીતિ ઘડશે. કેજરીવાલ ગુજરાતમાં ત્રણ જાહેર સભાને સંબોધન કરશે જેમાં અમરેલી, લાલપુર અને દેવગઢ બારીયા ખાતે આપ પાર્ટી દ્વારા તૈયારીઓને આદરી દેવામાં આવી છે.

બીજી તરફ રાહુલ ગાંધી વડોદરા મુલાકાતે આવશે. એવી અટકળો ચાલી રહી છે કે, રાજ્ય વિધાનસભાનું સત્ર ૨૫ માર્ચે પૂર્ણ થશે. આ પછી ૨૬ માર્ચે, ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો સમયપત્રક જાહેર કરી શકે છે. ૨૦૨૧માં ગુજરાતના મુખ્ય શહેરોમાં ચૂંટણીઓ યોજાઈ હતી, ત્યારે સુરતથી AAPએ રાજ્યમાં પ્રવેશ કર્યો હતો.

વડોદરામાં છેલ્લા સમયતી કોંગ્રેસ પક્ષની જીત થઈ નથી. જો કે, વડોદરાને અડીને આવેલા આદિવાસી પટ્ટામાં કોંગ્રેસે મજબૂત હાજરી જાળવી રાખી છે. આ પટ્ટાના મુખ્ય પ્રદેશોમાં છોટા ઉદેપુર, દાહોદ, પંચમહાલ અને નર્મદાનો સમાવેશ થાય છે. ૨૦૨૭ની ચૂંટણીમાં ભાજપને પડકારવા માટે કોંગ્રેસે રાજ્યમાં પક્ષને પુનર્જીવિત કરવા માટે 'સંગઠન નિર્માણ અભિયાન' શરૂ કર્યું છે.

રાહુલ ગાંધીના પ્રવાસ કાર્યક્રમ માટે કેન્દ્રીય નેતૃત્વ તરફથી મંજૂરી મળ્યા બાદ શહેર અને રાજ્ય ટીમોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગુજરાતના પ્રભારી હાલ રાજ્યસભાના સાંસદ મુકુલ વાસનિક છે.

તાજેતરમાં અટકળો વહેતી થઈ હતી કે, પાર્ટી સચિન પાયલટને કમાન સોંપી શકે છે.

ઉલ્લેખનીય છે કે, રાજસ્થાનના નેતાઓ ભૂતકાળમાં પણ ગુજરાતના પ્રભારી તરીકે સેવા આપી ચૂક્યા છે.

રાહુલ ગાંધી ઘણા સમય પછી વડોદરાની મુલાકાત આવશે. રાહુલ ગાંધીએ છેલ્લે જૂનાગઢની પહોંચ્યા હતા, ત્યારે તેમણે તમામ જિલ્લા પ્રમુખોની સભાને સંબોધિત કરી હતી.